RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 343 Dt. 18-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત પર હુમલાનું પરિણામ ભયંકર: ટ્રમ્પ

## G7 સમિટમાં PM મોદી સમક્ષ ટ્રમ્પનું મોટું નિવેદન : ૧૬ મહિના બાદ ઐતિહાસિક દ્વિપક્ષીય મુલાકાતઃ પીએમ મોદીએ ઉઠાવ્યો ૩ ભારતીય નાવિકોના મોતનો મુદ્દો; ટ્રમ્પે કર્યા મોદીના નેતૃત્વના ભરપૂર વખાણ




નવી દિલ્હી, તા.૧૭
ફ્રાન્સના એવિયન શહેરમાં યોજાયેલી ૫૨મી G7 સમિટ દરમિયાન ભારત-અમેરિકાના સંબંધોમાં એક નવો અને મજબૂત વળાંક આવ્યો છે. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૧૬ મહિનાના લાંબા અંતર બાદ દ્વિપક્ષીય મુલાકાત યોજાઈ હતી. આ હાઈપ્રોફાઈલ બેઠક દરમિયાન પીએમ મોદીએ સમુદ્રી સુરક્ષાની ચિંતાઓ અને તાજેતરમાં ઓમાન કોસ્ટ નજીક અમેરિકી સેનાની કાર્યવાહીમાં જીવ ગુમાવનારા ૩ ભારતીય નાવિકોનો મુદ્દો ટ્રમ્પ સમક્ષ અત્યંત મજબૂતાઈથી ઉઠાવ્યો હતો.

બેઠક દરમિયાન પીએમ મોદીએ વૈશ્વિક દરિયાઈ વેપાર અને સુરક્ષા પર ભાર મૂકતા રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને જણાવ્યું હતું કે, 'આપણે હંમેશાં સ્વીકાર્યું છે કે, સમુદ્રમાં અવરજવરની આઝાદી પાકી હોવી જોઈએ. દરિયાઈ વેપારના ક્ષેત્રમાં વિશ્વના અલગ-અલગ સમુદ્રોમાં લાખો ભારતીય નાવિકો પોતાની સેવાઓ આપી રહ્યા છે, તેમની સુરક્ષા પણ એટલી જ મહત્વપૂર્ણ છે.' વડાપ્રધાન મોદીએ મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવા માટે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના પ્રયાસોની પ્રશંસા કરી હોર્મુઝ જળમાર્ગ ખુલ્લો રાખવા પર પણ ભાર મૂક્યો હતો.

ઓમાન કાંઠે મૃત્યુ પામેલા ૩ ભારતીય નાવિકોના મોત પર શોક વ્યક્ત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'તે લોકો પણ આપણને વહાલા હતા, અમે આ વિષય પર ભારત સાથે મળીને કામ કરી રહ્યા છીએ.' આ સાથે જ ટ્રમ્પે ભારત સાથેના સંબંધો પર એક મોટું વચન આપતા જાહેરાત કરી કે, 'જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેતા છે અને ભારત પર કોઈ દેશ હુમલો કરે છે, તો અમેરિકા ભારતની મદદ માટે ત્યાં હાજર રહેશે, ભલે આ અંગે અમારો કોઈ લેખિત કરાર ન હોય. કોઈ અન્ય નેતા હોત તો અમે કંઈ કહી શકત નહીં. જ્યાં સુધી હું રાષ્ટ્રપ્રમુખ છું, વ્હાઈટ હાઉસમાં ભારતીયોનો એક સાચો દોસ્ત હંમેશાં હાજર રહેશે.' જી૭ સમિટના વર્કિંગ લંચ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તમામ દેશોના નેતાઓ સામે પીએમ મોદીના સ્વભાવ અને નેતૃત્વના ભરપૂર વખાણ કર્યા હતા. તેમણે હળવા અંદાજમાં કહ્યું કે, 'પ્રધાનમંત્રી મોદી અત્યંત શાંત, સંયમિત અને જબરદસ્ત પ્રભાવશાળી નેતા છે. તેઓ દેખાવામાં ખૂબ સારા અને શાંત છે, પરંતુ વાટાઘાટોમાં અત્યંત કડક છે.' ટ્રમ્પે ટૂંક સમયમાં ભારતની મુલાકાતે આવવાની અને વેપારી કરાર (Trade Deal) ફાઈનલ થવાની પણ જાહેરાત કરી હતી. ટ્રમ્પે પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાના શાસનકાળ દરમિયાન થયેલા ઈરાન પરમાણુ કરારની આકરી આલોચના કરતા ઈરાનને નવી ડીલ સાઈન ન કરવા પર હુમલાની ચીમકી આપી હતી. રસપ્રદ વાત એ રહી કે બુધવારે વર્કિંગ સેશનમાં જ્યારે ટ્રમ્પ થોડા મોડા પહોંચ્યા, ત્યારે તમામ નેતાઓ તેમની તરફ જોઈ રહ્યા હતા. આ સ્થિતિ વચ્ચે ટ્રમ્પે મજાકિયા અંદાજમાં કહ્યું કે, 'આઈ એમ ધ બોસ', જે સાંભળીને ૧૪ દેશોના વૈશ્વિક નેતાઓ હસી પડ્યા હતા.

### સંસાધનોની નહીં, દુનિયામાં ભરોસાની કટોકટીઃ પીએમ મોદી

સમિટના એક આઉટરીચ સેશનમાં સંબોધન કરતી વખતે પીએમ મોદીએ વિશ્વ સમક્ષ મોટું નિવેદન આપતા કહ્યું કે, 'આજે દુનિયા સંસાધનોની અછતથી નહીં, પરંતુ પરસ્પર ભરોસાના સંકટથી ઝઝૂમી રહી છે.' આ બેઠકમાં પીએમ મોદી યુએસ પ્રેસિડેન્ટની બરાબર બાજુની સીટ પર જ બેઠા હતા.

### ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે પણ મોટી ડીલ ફાઈનલ

Æ7 સમિટની વચ્ચે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુરોપિયન કાઉન્સિલ અને યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ સાથે પણ મુલાકાત કરી હતી. આ બેઠક બાદ જાહેરાત કરવામાં આવી છે કે ભારત અને ઈયુ (EU) વચ્ચે અત્યાર સુધીની સૌથી મોટી ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ની વાટાઘાટો પૂરી થઈ ગઈ છે અને આ વર્ષના અંત સુધીમાં બંને પક્ષો આ ઐતિહાસિક વેપાર કરાર પર સત્તાવાર હસ્તાક્ષર કરી દેશે.

# BSFના બે જવાનોને ૪૨ વર્ષની સજા

## ૯ વર્ષ જૂના કેસમાં મિઝોરમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદોઃ આદિવાસી મહિલા સાથે ગેંગરેપ અને એસિડ એટેક કરનાર દોષિતોને આખરી અંજામ

નવી દિલ્હી,તા.૧૭
મિઝોરમની એક જિલ્લા અદાલતે ૯ વર્ષ જૂના એક ચકચાર મચાવનારા કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અદાલતે ૨૦૧૭માં એક સ્થાનિક આદિવાસી મહિલા સાથે ગેંગરેપ અને એસિડ એટેકના કેસમાં BSFના બે જવાનોને કઠોર કેદની સજા સંભળાવી છે. આઈઝોલના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સિલ્વી જોમુઆનપુઈ રાલ્ટેએ બંને જવાનોને આ જઘન્ય અપરાધના દોષી ઠેરવ્યા છે.

આ કેસ ૧૬ જુલાઈ, ૨૦૧૭નો છે. પીડિતા પોતાની એક સહેલી સાથે ભારત-બાંગ્લાદેશ સરહદ પર સ્થિત મમિત જિલ્લામાં ગસ્કાટા નદીના ગાઢ જંગલોમાં જંગલી શાકભાજી લેવા ગઈ હતી. આ દરમિયાન સ્થાનિક બોર્ડર આઉટપોસ્ટ (BOP) પર તહેનાત BSF જવાન નીલાંજન દાસ અને દિનેશ કુમારે બંને મહિલાઓને ઘેરી લીધી હતી. જવાનોએ એક મહિલા સાથે બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ પોતાની ઓળખ છુપાવવા તથા પીડિતાને અંધ બનાવવાના ઈરાદાથી તેના ચહેરા પર એસિડ ફેંક્યું હતું.

આ ભયાનક હુમલામાં પીડિત મહિલા તો કોઈક રીતે જીવિત બચી ગઈ, પરંતુ તેનો ચહેરો હંમેશા માટે ખરાબ થઈ ગયો અને આંખોની રોશની પણ જતી રહી. ચોંકાવનારી વાત એ રહી કે, હુમલા દરમિયાન તેની સહેલી રહસ્યમય રીતે ગુમ થઈ ગઈ હતી. ઘટનાના ૧૧ દિવસ બાદ સ્થાનિક વિલેજ ડિફેન્સ પાર્ટી અને પોલીસની સઘન શોધખોળ બાદ જંગલમાંથી તેનો ખરાબ રીતે સડી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે, કોર્ટે ઠોસ પુરાવાના અભાવે હત્યાના આરોપમાંથી બંને જવાનોને નિર્દોષ જાહેર કર્યા હતા.


ગુનેગારોને શોધવા સરળ નહોતા. શરૂઆતમાં પોલીસને BSFના કેટલાક વરિષ્ઠ અધિકારીઓના વિરોધનો સામનો કરવો પડ્યો હતો, જેમણે જવાનોની ધરપકડ અને ઉગઅ ટેસ્ટ સામે વાંધો ઉઠાવ્યો હતો. જોકે, રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC)ના હસ્તક્ષેપ બાદ તપાસ આગળ વધી. બોર્ડર આઉટપોસ્ટના ડ્યુટી રોસ્ટર પરથી સ્પષ્ટ થયું કે ઘટના સમયે બંને જવાનો ત્યાં જ હાજર હતા. અંતે, પીડિતાએ ન્યાયિક મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ યોજાયેલી 'ટેસ્ટ આઈડેન્ટિફિકેશન પરેડ'માં બંને દોષીઓને ઓળખી બતાવ્યા.

તપાસના તથ્યો, ૧૮ સાક્ષીઓના નિવેદનો અને પ્રાથમિક મેડિકલ રિપોર્ટના આધારે કોર્ટે બંને જવાનોને દોષિત ઠેરવ્યા છે. બંનેને ભારતીય દંડ સંહિતા (IPC)ની વિવિધ કલમો હેઠળ કુલ ૪૨ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. જેમાં ગેંગરેપ માટે ૨૦ વર્ષ, એસિડ એટેક માટે ૧૨ વર્ષ અને ગંભીર શારીરિક નુકસાન પહોંચાડવા માટે ૧૦ વર્ષની સખત કેદ સામેલ છે. કોર્ટે દરેક ગુના માટે દરેક દોષીને ૬૦-૬૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

# તો.. ૬ પૃથ્વીની જરૂર પડશે': મોહન ભાગવત

**અમેરિકન ઉપભોક્તા સંસ્કૃતિ પર આકરા પ્રહાર; કહ્યું- વિશ્વના દેશોની દોસ્તી સ્વાર્થ આધારિત, જ્યારે ભારત પાડોશીઓની પડખે નિઃસ્વાર્થ ભાવે ઊભું રહે છે**

નવી દિલ્હી, તા.૧૭
આરએસએસ (RSS) પ્રમુખ મોહન ભાગવતે અમેરિકાની અત્યંત ઉપભોક્તાવાદી (Consumerist) સંસ્કૃતિ પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે જો આખી દુનિયાએ આ જ રસ્તા પર ચાલવાનું શરૂ કર્યું, તો માનવતાને જીવંત રાખવા માટે એક નહીં, અનેક પૃથ્વી પણ ઓછી પડશે. તેમણે સાચા અર્થમાં માનવતાના કલ્યાણ માટે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાને જ શ્રેષ્ઠ ગણાવી છે.



તાજેતરમાં દિલ્હીમાં આયોજિત ૧૮મા બીએમએલ મુંજાલ એવોર્ડ્સ (BML Munjal Awards) સમારોહમાં સરસંઘચાલકે કહ્યું હતું કે, આર્થિક સમૃદ્ધિમાં સંયમ, નૈતિક આચરણ અને અન્યોના કલ્યાણની ચિંતા હોવી જ જોઈએ. ખાસ કરીને ભારતને ચેતવણી આપતા તેમણે કહ્યું કે, ''આવી ઉપભોક્તાવાદી સંસ્કૃતિ પર ચાલવાનું પરિણામ ખરાબ આવી શકે છે. અમેરિકાનું જીવનધોરણ ભલે સૌથી સારું માનવામાં આવતું હોય, પરંતુ જો ૧૪૨ કરોડ ભારતીયો અમેરિકાની જેમ રહેવાનું શરૂ કરી દે, તો એક પૃથ્વી પૂરતી નહીં થાય, છ પૃથ્વીની જરૂર પડશે... અમેરિકનો પૃથ્વી પરથી એટલા બધા સંસાધનો વાપરી રહ્યા છે, એ વિચાર્યા વિના કે આ સંસાધનો પર બીજાનો પણ અધિકાર છે.'' ભાગવતે જણાવ્યું કે દુનિયાના દેશો મિત્રતા અને સહયોગનો હાથ મોટેભાગે ત્યારે જ લંબાવે છે જ્યારે તેમને કોઈ વ્યૂહાત્મક કે આર્થિક હિત સાધવાના હોય. સીધો અમેરિકા તરફ ઈશારો કરતા તેમણે કહ્યું કે, આવા દેશ સાથેના સંબંધોમાં વારંવાર એવી શરતો જોડાતી જાય છે, જેનાથી માત્ર 'અમેરિકન હિતોનું રક્ષણ થઈ શકે.' આ દરમિયાન તેમણે ભારતના નિઃસ્વાર્થ સ્વભાવનો હવાલો આપતા કહ્યું કે ભારત મુશ્કેલ સમયમાં હંમેશા પાડોશીઓ સાથે ઊભું રહે છે. માલદીવ સુધી ભારતે કઈ રીતે પાણી પહોંચાડ્યું અને ચીનની જાળમાં ફસાયેલા શ્રીલંકાની સંકટ સમયે કઈ રીતે મદદ કરી તે સૌ જાણે છે. ભાગવતે કહ્યું, ''શ્રીલંકાની મદદ કરનાર ચીન નહીં, ભારત હતું... ભલે આપણે બધાની મદદ કરવા જેટલા અમીર ન હોઈએ, પણ પાડોશીઓ પર સંકટ આવે ત્યારે આપણે તેમની સાથે ઊભા રહીએ છીએ.'' આરએસએસ પ્રમુખે ઐતિહાસિક સંદર્ભ આપતા કહ્યું કે, ભારતે સમૃદ્ધિને અંગત હિતથી ઉપર ઉઠીને સામૂહિક કલ્યાણના સાધન તરીકે સ્વીકારી છે. તેમણે ભારતને આર્થિક મહાસત્તા બનવાનું આહ્વાન કરતા ચેતવણી આપી કે, ''દુનિયા તાકાતવરનું સાંભળે છે. તેથી આપણે દરેક પ્રકારની શક્તિની જરૂર છે, પરંતુ સારા ઈરાદા અને ચારિત્ર્ય વિનાની શક્તિ વિનાશકારી સાબિત થઈ શકે છે.''

**NEET રિ-એક્ઝામ મુદ્દે ટેલિગ્રામ પર પ્રતિબંધથી રાહુલ ગાંધી લાલઘૂમ**

# વિદ્યાર્થીઓના ખિસ્સા કાતરથી કપાશે : રાહુલ

## તો શું હવે WhatsApp પણ બંધ કરશો?': મોદી સરકાર પર આકરા પ્રહાર; ૧૫ કરોડ યુઝર્સને સજા આપવી ખોટી હોવાનો ટેલિગ્રામ ફાઉન્ડરનો ખુલાસો



નવી દિલ્હી,તા.૧૭
કેન્દ્ર સરકારે NEET“u રિ-એક્ઝામ યોજાય તે પહેલાં પેપર લીક અટકાવવાના બહાને લોકપ્રિય સોશિયલ મીડિયા એપ 'ટેલિગ્રામ' પર અસ્થાયી પ્રતિબંધ લગાવી દીધો છે. સરકારના આ નિર્ણયથી દેશભરમાં નવો વિવાદ છેડાયો છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી આ મુદ્દે સરકાર પર સખત ગુસ્સે ભરાયા છે. તેમણે આ પ્રતિબંધને આકરા શબ્દોમાં વખોડતા જણાવ્યું કે, ટેલિગ્રામ પર બેન લગાવવો એ મોદી સરકારનો પેપર લીક રોકવાનો એક નવો અને વાહિયાત નુસ્ખો છે. આનો સીધો અર્થ એ થયો કે સરકાર ચોરને પકડવાના બદલે પીડિતના ઘર પર જ તાળું મારી રહી છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડ' પર સરકારની આકરી ઝાટકણી કાઢતા અનેક સવાલો ઉઠાવ્યા હતા. તેમણે લખ્યું છે કે, 'દેશના લાખો વિદ્યાર્થીઓ વર્ષોથી ટેલિગ્રામ પર પોતાનો અભ્યાસ કરે છે. આ પ્લેટફોર્મ પર તેઓ નોટ્સ શેર કરે છે, ટેસ્ટ સિરીઝ આપે છે, ડિસ્કશન કરે છે અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરે છે. એકાએક વિદ્યાર્થીઓ પાસેથી આ સુવિધા છીનવી લેવી, તે પેપર લીકનો ઉકેલ કેવી રીતે હોઈ શકે? આ કોઈ ફૂલપ્રૂફ પ્લાન નથી અને આ વાત દેશનો દરેક વિદ્યાર્થી તેમજ પેપર લીક કરનારો માફિયા પણ ખૂબ સારી રીતે જાણે છે. આજે ટેલિગ્રામ બંધ કર્યું છે, તો શું સરકાર આગામી પ્રતિબંધ WhatsApp પર લગાવશે?'

સરકારની નીતિઓની આકરી ટીકા કરતા કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, 'પરીક્ષાના દિવસે દેખાડો કરવા માટે વિદ્યાર્થીઓની કડક તપાસ કરવામાં આવશે, કાતરથી તેમના ખિસ્સા કાપવામાં આવશે અને પ્રશ્નપત્રો વાયુસેનાના વિશેષ વિમાનો દ્વારા મોકલવામાં આવશે. દેશમાં આવા ખોટા દેખાડા કરવામાં કોઈ કમી રાખવામાં આવશે નહીં, પરંતુ અસલી મૂળ પર એક પણ પ્રહાર કરવામાં આવશે નહીં. તેનું મુખ્ય કારણ એ છે કે, પેપર લીક માફિયા આ સરકારની સીધી દેખરેખ હેઠળ જ ફૂલીફાલી રહ્યો છે અને દેશના માસૂમ યુવાનોને લોહીના આંસુ રડાવી રહ્યો છે.'

રાહુલ ગાંધીએ સીધા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા રોષભેર કહ્યું કે, 'મોદીજી હવે આવા દેખાડા કરવાનું છોડી દો. જો ખરેખર વાર કરવો જ હોય તો પેપર ફોડનારા માફિયાઓ પર કરો, ભવિષ્ય બનાવતા નિર્દોષ વિદ્યાર્થીઓ પર નહીં. દેશના વિદ્યાર્થીઓનો અવાજ સાંભળો, નહીંતર દેશનો યુવાન પોતાનો હક કેવી રીતે છીનવી લેવો તે સારી રીતે જાણે છે.'

બીજી તરફ, સરકારના આ આદેશ પર ટેલિગ્રામના ફાઉન્ડરે પણ નારાજગી વ્યકત કરી પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે, ભારત સરકારે ટેલિગ્રામ પર એક અઠવાડિયા માટે પ્રતિબંધ મૂક્યો છે કારણ કે કેટલાક યુઝર્સે આ પ્લેટફોર્મ પર લીક થયેલા પરીક્ષાના પેપર શેર કર્યા હતા. આ એકતરફી નિર્ણયથી પેપર લીક કરનારા મુખ્ય દોષિતોના બદલે દેશના ૧૫ કરોડથી વધુ સામાન્ય ટેલિગ્રામ યુઝર્સને સજા આપવામાં આવી રહી છે. આ બેન લાગુ થયા પછી પણ કશું અટક્યું નથી અને હવે અન્ય એપ્સ દ્વારા પેપર લીકની ઘટનાઓ સામે આવી જ રહી છે.

આ ભારે વિવાદ વચ્ચે ટેલિગ્રામના CEO એ સ્પષ્ટતા કરતા કહ્યું કે, ''છેલ્લા કેટલાક અઠવાડિયામાં જ અમે એવા સેંકડો ચેનલ્સને અમારા પ્લેટફોર્મ પરથી હટાવી દીધા છે, જેઓ ગેરકાયદેસર રીતે પરીક્ષાનું મટિરિયલ અને તેને લગતા કૌભાંડો શેર કરી રહ્યા હતા. આ ઉપરાંત અમે એડિટેડ લેબલને પણ વધુ વિઝિબલ બનાવી રહ્યા છીએ જેથી બેકડેટીંગ (જૂની તારીખ બતાવવાના) સ્કેમને અટકાવી શકાય. ટેલિગ્રામને આ રીતે દેશમાં બેન કરવો, ભલે તે ટૂંકા સમય માટે હોય, તે સંપૂર્ણપણે ખોટો અને ગેરવાજબી નિર્ણય છે.''

# ડ્રગ્સ માફીયાઓ પર તૂટી પડો : DGP



**સ્થાનિક પોલીસને પણ NDPS કેસો નોંધવાની જવાબદારી**

ગાંધીનગર, તા.૧૭

નશીલા પદાર્થો (ડ્રગ્સ) સામેની લડતને વધુ આક્રમક બનાવવાનાં સંકેતરૂપે ગુજરાત પોલીસે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટાન્સિસ (NDPS) અધિનિયમ હેઠળની અમલવારી વધુ સઘન બનાવવાનો તથા રાજ્યભરમાં ડ્રગ્સ વિરોધી માળખાકીય વ્યવસ્થાનો વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે. ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્ય પોલીસ વડા (DGP) જી.એસ. મલિકે તમામ પોલીસ એકમોને ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે વધુ સક્રિય અભિગમ અપનાવવા તથા સરકારની નીતિ અનુસાર ઓછી માત્રામાં નશીલા પદાર્થો મળતા કેસોમાં પણ કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. રાજ્યના પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડ્રગ્સના વેપારીઓ અને પેડલરો પર સતત નજર રાખી, ગુપ્તચર માહિતી આધારિત કાર્યવાહી અને કડક અમલવારી દ્વારા ઘોંસ બોલાવવા માટે જણાવ્યુ હતું. જેથી ડ્રગ્સના નેટવર્કને તોડી શકાય અને નશીલા પદાર્થોના ફેલાવાને અટકાવી શકાય. એક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણય હેઠળ હવે ગઉડ્જ ગુનાઓ શોધવાની અને નોંધવાની જવાબદારી માત્ર ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) પૂરતી મર્યાદિત રહેશે નહીં. પરંતુ રાજ્યના તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનોને તેમના વિસ્તારની અંદર ડ્રગ્સ સંબંધિત ગુનાઓ શોધવા, પકડવા અને નોંધવા માટે સક્રિય ભૂમિકા ભજવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે ડ્રગ્સ વિરોધી કામગીરીને સ્થાનિક સ્તરે પોલીસિંગની મુખ્ય જવાબદારી બનાવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ના નેતૃત્વમાં ગુજરાતે ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે ઝીરો-ટોલરન્સ નીતિ અપનાવી છે અને નશીલા પદાર્થોના વેપાર તથા દુરુપયોગ સામે કડક વલણ અપનાવ્યું છે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે જો કોઈ બાહ્ય એજન્સી દ્વારા કોઈ પોલીસ સ્ટેશનની હદમાં ગઉડ્જ ગુનો નોંધાશે તો સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે.અમલવારી દરમિયાન પકડાયેલા ડ્રગ્સના વ્યસનીઓની પણ વિસ્તૃત પૂછપરછ કરવા માટે પોલીસ કર્મચારીઓને સૂચના આપવામાં આવી છે, જેથી સપ્લાય ચેઇન સુધી પહોંચી શકાય, સપ્લાયરોની ઓળખ કરી શકાય અને મોટા ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરી શકાય. નશીલા પદાર્થોના વેચાણ, વિતરણ અને હેરફેર સાથે સંકળાયેલા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

કાયદાકીય કાર્યવાહી સાથે સાથે ગુજરાત પોલીસ નશાની લતથી પ્રભાવિત વ્યક્તિઓ માટે કાઉન્સેલિંગ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સહયોગ આપશે, જેથી ડ્રગ્સ વિરોધી અભિયાનમાં અમલવારી અને પુનર્વસન - બંને પાસાઓને સમાન મહત્વ મળી રહે.સક્રિય અને અસરકારક કામગીરીને પ્રોત્સાહન આપવા માટે NDPS કેસોની સફળ શોધખોળ અને તપાસ કરનારા પોલીસ કર્મચારીઓને યોગ્ય ઈનામો અને સન્માન આપવામાં આવશે.

# મામા સાથે ૧૦.૩૬ કરોડની છેતરપીંડી

## CA દંપતીની ધરપકડ : ફરિયાદીના નામે બોગસ કંપની બનાવી આચરી છેતરપિંડી

રાજકોટ, તા. ૧૭

શેરબજારમાં રોકાણ પર ઊંચા નફાની લાલચ આપીને પોતાના જ સગા કૌટુંબિક મામા સાથે ૧૦ કરોડથી વધુની છેતરપિંડી આચરવાના એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. જગતપુર અને ગાંધીનગરમાં ઈઅ ફર્મ ચલાવતા જવલીન નાયક (જોય ઉર્ફે જયપ્રકાશ) અને તેની પત્ની બોસકી નાયકે આયોજનપૂર્વક આ કૌભાંડને અંજામ આપ્યો હતો. આ ઠગ દંપતીએ પોતાના કૌટુંબિક મામા કૌશલ નાયક પાસેથી રૂ. ૫.૯૧ કરોડ અને તેમના અન્ય સગા-સંબંધીઓ પાસેથી રૂ. ૪.૪૪ કરોડ મળીને કુલ ૧૦.૩૬ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. એટલું જ નહીં, આરોપીઓએ છેતરપિંડીના હેતુથી ફરિયાદીના નામે એક બોગસ કંપની પણ ઊભી કરી દીધી હતી.

લાંબા ગાળાના રોકાણના બહાને ભોળવ્યા ઇકોનોમિક ઓફેન્સ વિંગ (ઊજ્ઞઠ) ના અધિકારીઓના જણાવ્યા મુજબ, વ્યવસાયે ઈઅ એવા બંને આરોપીઓએ ફરિયાદીને મોટી કંપનીઓ સાથે કરાર હોવાનું જણાવી શેર માર્કેટમાં રોકાણ કરીને ૫૦% અથવા તો મહિને ૩% જેટલો ઊંચો નફો કમાઈ આપવાની લાલચ આપી હતી. ફરિયાદી અને તેમના અન્ય ૬થી ૭ સગા-સંબંધીઓએ વર્ષ ૨૦૧થી ૨૦૨૫ દરમિયાન આ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. આરોપીઓ લોકોના આ નાણાંથી મોજશોખ કરી લેવિશ લાઈફસ્ટાઈલ જીવતા હતા, જેથી લોકોને તેમની આર્થિક સમૃદ્ધિ અને સ્કીલ પર વિશ્વાસ બેસી જાય. આ સમગ્ર કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે ફરિયાદી કૌશલ નાયકે પોતાની દીકરીના યુએસએ (ઞજઅ) ના વિઝા મેળવવા માટે આરોપીઓ પાસે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીઓએ રૂપિયા આપવાના બદલે ફરિયાદીના બેંક એકાઉન્ટમાં ૫૦ લાખ જમા કરાવ્યા હોવાની એક બોગસ બેંક સ્લીપ (રસીદ) પકડાવી દીધી હતી. બેંકમાં તપાસ કરતા આ રસીદ નકલી હોવાનું માલૂમ પડ્યું હતું અને છેવટે આરોપીઓએ પૈસા પરત આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

# રાજકોટ રેલવેના કર્મીઓનું સન્માન કરતા મહાપ્રબંધક



**રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી : વેલ્ડ ફ્રેક્ચરનો સમયસર પતો લગાવી માલગાડીને રોકી, સંભવિત રેલ અકસ્માત ટાળ્યો**

રાજકોટ , તા. ૧૬

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડેએ મુંબઈ સ્થિત મુખ્ય મથક (હેડક્વાર્ટર) ખાતે વિવિધ ડિવિઝનના કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેફ્ટી કામગીરી માટે સન્માનિત કર્યા હતા. આ કર્મચારીઓએ પોતાની સતર્કતા, ઝડપી નિર્ણય ક્ષમતા અને કર્તવ્યનિષ્ઠા દ્વારા સેફ્ટી અને અવિરત રેલ સંચાલન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સન્માનિત કર્મચારીઓમાં રાજકોટ ડિવિઝનના શ્રી અશોક કુમાર, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧ (મુખ્ય મથક-હાપા) પણ સામેલ છે, જેમને રેલવે સેફ્ટી ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ મહાપ્રબંધક સેફ્ટી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝન વાણિજ્ય પ્રબંધક (સીનિયર ડીસીએમ) સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ અશોક કુમાર, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧, મુખ્ય મથક હાપા, જામનગર-લાખાબાવળ સેક્શનમાં કી-મેન તરીકે ફરજ પર હતા. નિયમિત ટ્રેક નિરીક્ષણ દરમિયાન લાખાબાવળ તરફ જતી વખતે તેમણે દૂરથી જોયું કે ટ્રેક નીચેની તરફ નમેલો દેખાઈ રહ્યો છે. પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ કરી, જ્યાં રેલ વેલ્ડમાં ફ્રેક્ચર જોવા મળ્યું.

પરિસ્થિતિની ગંભીરતાને જોતાં અશોક કુમારે સમય ગુમાવ્યા વિના ટ્રેકની સેફ્ટી સુનિશ્ચિત કરી અને તાત્કાલિક સમારકામનું કામ શરૂ કરી દીધું. આ જ દરમિયાન લાખાબાવળ તરફથી એક માલગાડી તે સેક્શન તરફ આગળ વધી રહી હતી. તેમણે તરત જ લાલ ઝંડી બતાવીને માલગાડીને વેલ્ડ ફ્રેક્ચરવાળા સ્થળ પહેલાં જ સેફ્ટી રીતે રોકી દીધી. ત્યારબાદ તેમણે જુનિયર એન્જિનિયર (પાથ વે), હાપા તથા અન્ય સંબંધિત અધિકારીઓને આ ઘટનાની જાણ કરી. જરૂરી કટોકટીભર્યું સમારકામ પૂર્ણ થયા બાદ, માલગાડીને પ્રતિ કલાક ૧૦ કિલોમીટરની મર્યાદિત ઝડપે તે સ્થળેથી સેફ્ટી રીતે પસાર કરવામાં આવી હતી. ત્યારબાદ રેલવેના સેફ્ટી સંચાલનની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે અન્ય જરૂરી સુધારાત્મક પગલાં પણ લેવામાં આવ્યા હતા. અશોક કુમાર દ્વારા દાખવવામાં આવેલી સતર્કતા, કોઠાસૂઝ અને કર્તવ્યનિષ્ઠાને કારણે એક સંભવિત મોટો અકસ્માત ટળી ગયો.

તેમની આ પ્રશંસનીય કામગીરીથી રેલ સંચાલનની સેફ્ટી સુનિશ્ચિત થઈ અને રેલવે સંપત્તિ તેમજ ટ્રેનોને સંભવિત નુકસાન થતું બચાવી શકાયું. મહાપ્રબંધક રામાશ્રય પાંડેએ પુરસ્કાર વિજેતા કર્મચારીઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, તેમની નિષ્ઠા, સજાગતા અને કાર્ય પ્રત્યેનું સમર્પણ પશ્ચિમ રેલવેની મજબૂત સેફ્ટી સંસ્કૃતિનું પ્રતીક છે અને અન્ય કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે.

રાજકોટના ડિવિઝન રેલ પ્રબંધક (ડીઆરએમ) ગીરીરાજ કુમાર મીનાએ પણ અશોક કુમારને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેમની ઉત્કૃષ્ટ સેફ્ટી કામગીરીની પ્રશંસા કરીને ભવિષ્યમાં પણ આ જ રીતે સતર્કતાપૂર્વક કાર્ય કરતા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. રાજકોટ ડિવિઝનને પોતાના આવા કર્તવ્યનિષ્ઠ અને સજાગ કર્મચારીઓ પર ગર્વ છે, જેઓ પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ઝડપી અને વિવેકપૂર્ણ નિર્ણયો લઈને રેલ સંચાલનની સેફ્ટી સુનિશ્ચિત કરે છે અને મુસાફરો, રેલવે સંપત્તિ તથા રેલ વાહનવ્યવહારની સેફ્ટીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

# 'માનવ કલ્યાણ યોજના' માટે ઈ-કુટીર પોર્ટલ ખુલ્લું મૂકાયું

ગાંધીનગર, તા.૧૭

માનવ કલ્યાણ યોજના અંતર્ગત અરજીઓ મેળવવા માટે નાગરિકો માટે આજથી ઈ-કુટીર પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. રાજ્યના નાના કારીગરો અને આર્થિક રીતે પછાત વર્ગના પરિવારોને સ્વરોજગારી પૂરી પાડવાના આશય સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ગાંધીનગર ખાતેથી કુટીર ઉદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલના વરદ હસ્તે તેમજ કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં આ પોર્ટલ વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ પ્રસંગે કુટીર ઉદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજનાને સંપૂર્ણપણે ડિજિટલ પ્લેટફોર્મ પર અમલી બનાવવામાં આવી છે. આ નવી વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓની પસંદગી ઓનલાઇન ડ્રો દ્વારા પારદર્શક રીતે કરવામાં આવશે.

અરજદારો આ યોજના હેઠળ જુદા-જુદા ૧૦ ટ્રેડ માટે ઓનલાઇન અરજી કરી શકશે. ખાસ કરીને દિવ્યાંગ ભાઈ-બહેનોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. આ યોજના 'આત્મનિર્ભર ગુજરાત' દ્વારા 'આત્મનિર્ભર ભારત'ના સ્વપનને સાકાર કરવામાં પાયાની ભૂમિકા ભજવશે અને છેવાડાના માનવીને આર્થિક રીતે સશક્ત બનાવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના નાના કારીગરોને સ્વરોજગારના સાધન-ઓજાર ખરીદવા માટે આ યોજના અંતર્ગત નાણાકીય સહાય રૂપે ઈ-વાઉચર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે લાયકાત ધરાવતા સભ્યો ઓનલાઈન પોર્ટલ વર્ીાંિ://ય-સીશિં.લીષફિ.િલજ્ઞદ.શક્ષ/ પર જઈને પોતાની અરજી સબમિટ કરી શકશે. પસંદ થયેલા લાભાર્થીઓને ડિજિટલ માધ્યમથી ઈ-વાઉચર આપવામાં આવશે, જેનો ઉપયોગ કરીને તેઓ બજારમાંથી પોતાની પસંદગી અને ઉત્તમ ગુણવત્તા મુજબની ટૂલકીટ ખરીદી શકશે.

અરજી કરનાર નાગરિકની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષની વચ્ચે હોવી અનિવાર્ય છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના જે પરિવારોની વાર્ષિક



**ગાંધીનગરથી કુટીર ઉદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ અને રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે થયો પ્રારંભ**

આવક રૂ. ૬ લાખ સુધીની હોય તેવા તમામ પરિવારો આ યોજનાનો લાભ મેળવી શકશે. અનુસૂચિત જાતિ પૈકીના અતિ પછાત વર્ગની ૧૨ જાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી અતિ પછાત, વિચરતી અને વિમુક્ત જાતિઓના અરજદારો માટે કોઈ પણ પ્રકારની આવક મર્યાદા લાગુ પડશે નહીં. આ અવસરે ઇન્ડેક્ષ્ટ-સી કચેરીના કાર્યવાહક નિયામક એસ. જે.જોષી, વિભાગના નાયબ સચિવ સુમિત ચૌધરી, કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરીના અધિક કમિશનર એચ.બી. પટેલ તથા અન્ય અધિકારી , જી.આઈ.પી એલ. અને પી.એમ યુ ટીમના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રામાનંદી સાધુ સમાજનો તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સમારોહ




**૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે અડધો ડઝન ફલ સ્કેપ ચોપડા અપાયા : માતૃ શક્તિ વંદના અંતર્ગત રામાનંદી સાધુ સમાજની નારીઓને અપાયો નારી રત્ન એવોર્ડ**

રાજકોટ, તા.૧૭

સમસ્ત રામાનંદી યુવા સમાજ રાજકોટ દ્વારા સમસ્ત રામાનંદી સાધુ સમાજ ના રાજકોટમાં વસ્તા તમામ પરીવારના ગત વર્ષ માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે વિદ્યાર્થી સત્કાર સમારંભ તથા નિ:શુલ્ક ફુલ સ્કેપ ચોપડા વિતરણ સેવા ભારતી ભવન, મધ્યસ્થ ખંડ પ્રથમ માળ,અમુલ સર્કલ પાસે, એસટી સ્માર્ટ બસ સ્ટોપ સામે, ભાવનગર રોડ રાજકોટ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ માં વિદ્યાર્થી ભાઈઓ બહેનો જે ધોરણ ૧ થી ૧૨ માં ઉતીર્ણ થયા હોય તેમાંથી પેલા બીજા અને ત્રીજા નંબર ના વિદ્યાર્થીને જાહેર કરી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આવનાર રજીસ્ટ્રેશન કરેલ ૭૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈઓ બહેનોને તદન નીઃશુલ્ક અડધોડઝન ફૂલ સ્કેપ ના ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સમસ્ત રામાનંદી સાધુ સમાજમાં સ્ત્રી સશક્તિકરણ થાય અને સ્ત્રીઓ પોતાના ક્ષેત્રે વધુ આગળ વધે અને સમાજ અને દેશ નુ નામ રોશન કરે તેવા શુભઆશય થી કે જે સ્ત્રીઓ કે પોતાના ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે તેનું સન્માન જાહેર મંચ પર થી માતૃ શક્તિ વંદના અંતર્ગત રામાનંદી સાધુ સમાજની નારીઓને નારી રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ સંતો મહંતો ની અધ્યક્ષતા માં યોજાયો હતો. આ કાર્યક્રમ માં ૧૦૦૮ મહામંડલેશ્વર લલીત કિશોર શરણજી (નિમ્બાર્ક પીઠ પીઠાધીશ્વર મોટા મંદિર લીંબડી), ૧૦૦૮ મહામંડલેશ્વર સુખરામદાસ બાપુ (ખાખીમઢી રામજીમંદિર મેંદરડા), ૧૦૦૮મહામંડલેશ્વર ત્યાગી મનમોહનદાસ જી (જગન્નાથ જી મંદિર રાજકોટ),માન. ડો. હાર્દિકભાઈ નિમ્બાર્ક સંયોજક , કુટુંબ પ્રબોધન રાજકોટ મહાનગર ૨૬૩૫, મતી રસીલાબેન વૈષ્ણવ કોપોરિટ વોર્ડ-૧૭ (૧/૦, સુ દિવ્યાબેન સાધુ યુવા કથાકાર ,વગેરે ની વિશેષ ઉપસ્થિતિ રહી. તથા સમસ્ત રામાનંદી સાધુ સમાજ બહોળી સંખ્યા માં હાજર રહ્યો હતો. તેમજ નીચે મુજબ ધોરણ ૧ થી ૧૨ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સમસ્ત રામાનંદી સાધુ સમાજમાં સ્ત્રી સશક્તિકરણ થાય અને સ્ત્રીઓ પોતાના ક્ષેત્રે વધુ આગળ વધે અને સમાજ અને દેશ નુ નામ રોશન કરે તેવા શુભઆશય થી કે જે સ્ત્રીઓ કે પોતાના ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે તેનું સન્માન જાહેર મંચ પર થી માતૃ શક્તિ વંદના અંતર્ગત રામાનંદી સાધુ સમાજની નારીઓ મતી રસિલાબેન વૈષ્ણવ (કોર્પોરેટર વોર્ડ- ૧૭ રા.મ્યુ.કો.), સુ દિવ્યાબેન સાધુ (આપણા સમાજ ના એક માત્ર યુવા કથાકાર), સુ પલકબેન નિમાવત (લેબ ટેકનીશયન માઈક્રોબયોલોજી), સુ સ્નેહાબેન અગ્રાવત (સૌરાષ્ટ્ર સનાતન સમીતી) વગેરે ને નારી રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. * આ કાર્યક્રમ માં પ્રમુખ રવિરાજભાઈ રામાવત તેમજ કાર્યક્રમ ના મુખ્ય ઇન્ચાર્જ હિતિશભાઈ રામાવતની આગેવાની હેઠળ અનંતભાઈ નેનુજી, કેયુરભાઈ નિમાવત, મયંક રામાવત, સિદ્ધાર્થ લશ્કરી, દેવાંગ નિમાવત, કિશોરભાઈ નિમાવત, જે.ડી.નિમ્બાર્ક, તરુણભાઈ નિમાવત, જીજ્ઞેશભાઈ અગ્રાવત, વિવેકભાઈ નિમાવત, જગદીશભાઈ ટીલાવત, અલ્પેશભાઈ અગ્રાવત, અજય દેવમુરારી, અનિલભાઈ દેવમુરારી, ચામુંડરાઈ માધવાચાર્ય, અમિતભાઈ વૈષ્ણવ, કરણભાઈ કુબાવત, તુષારભાઈ અગ્રાવત, કવનભાઈ અગ્રાવત, ધ્રુવભાઇ રામાનુજ, રજનીભાઈ રામાવત, અશોકભાઈ ટીલાવત, રાજનભાઈ દેવમુરારી, જયસનભાઈ દેવમુરારી, પાવનભાઈ કુબાવત, રેનીશભાઈ દેવમુરારી, પ્રવીણભાઈ રામપ્રસાદી, શૈલેષભાઈ દેવમુરારી, જયેશભાઈ કુબાવત, રાજુભાઈ કુબાવત, માનવભાઈ નિમાવત, વિમલભાઈ કીલજી, નૈમીશ ટીલાવત, ચંદ્રકાંત લશ્કરી, અભિષેક રામાનુજ, પ્રીત નિમાવત, શ્યામ દેવમુરારી, ભાર્ગવ દેવમુરારી, હર્ષ નિમાવત, મિહિર અગ્રાવત, પ્રીતેશ કુબાવત, આર્યન સુખાનંદી તથા સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન રાજકોટ ના સુપ્રસિદ્ધ એન્કર એવા હિરેનભાઈ રામાવત દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ પરિવારના તમામ લોકોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી

# પ્રોજેક્ટના નામે રોકાણ કરાવી નિવૃત્ત વૃદ્ધ સાથે ૨૨.૮૧ લાખની ઠગાઈ

## ૨૪% ઊંચા વળતરની લાલચ આપી વિશ્વાસઘાત

રાજકોટ, તા.૧૭

શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા પેવેલિયન હાઇટ્સ પ્રોજેક્ટમાં ફ્લેટ બુક કરાવનાર નિવૃત્ત ચીફ એન્જિનિયર સાથે ઊંચા વળતરની લાલચ આપી રૂ. ૨૨.૮૧ લાખ પડાવી છેતરપિંડી કરવામાં આવી છે. ફ્લેટના કામમાં વિલંબ થતો હોવાનું જણાવી આરોપીએ રોકાણના બહાને આ મોટી રકમ પડાવી હતી. નોટરી કરાર કર્યા બાદ પણ વચન મુજબનું વળતર કે મૂળ રકમ પરત ન મળતા આખરે પીડિતે પોલીસનો આશરો લીધો છે. વાસણા રોડ વિસ્તારમાં રહેતા અને ONGC ખંભાતમાંથી ચીફ એન્જિનિયર (મેકેનિકલ) તરીકે નિવૃત્ત થયેલા હરજીતસિંગ દર્શનસિંગે વર્ષ ૨૦૨૦માં ગોત્રી સ્થિત પેવેલિયન હાઇટ્સ પ્રોજેક્ટમાં આશરે રૂ. ૬૦ લાખનો ફ્લેટ બુક કરાવ્યો હતો. આ પ્રોજેક્ટના કામકાજ દરમિયાન જ તેમની ઓળખાણ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા પ્રતિક મહેતા હરજીતસિંગનો આક્ષેપ છે કે, પ્રતિક મહેતાએ ફ્લેટનું કામ પૂર્ણ થવામાં સમય લાગશે તેમ જણાવી તેમની પાસે રોકાણ માટે નાણાં માંગ્યા હતા. આરોપીએ ૨૪ ટકા સુધીનું ઊંચું વળતર આપવાની અને જરૂર પડે ત્યારે માત્ર ૧૦ દિવસમાં જ રકમ પરત કરી દેવાની ખાતરી આપી હતી. આરોપીના આ વિશ્વાસમાં આવીને વૃદ્ધે એપ્રિલ-૨૦૨૩થી ઓગસ્ટ-૨૦૨૪ દરમિયાન તબક્કાવાર કુલ રૂ. ૨૨,૮૧,૫૨૦ પ્રતિક મહેતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.આર્થિક વ્યવહારની ખાતરી માટે ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ રૂ. ૧૫ લાખની રકમ એક વર્ષ માટે આપવામાં આવી હોવા અંગે બંને પક્ષો વચ્ચે નોટરી કરાર પણ કરવામાં આવ્યો હતો. જોકે, સમય પૂર્ણ થયા બાદ પણ આરોપીએ ન તો વળતર ચૂકવ્યું કે ન મૂળ રકમ પરત કરી.




# બાળ સંરક્ષણ ગૃહમાંથી નાસી છૂટેલા આઠની ધરપકડ

## વધુ ત્રણની શોધખોળ , જિલ્લા પોલીસની લેવાય છે મદદ : સંસ્થાની કામગીરી અને સુરક્ષામાં ઢીલ થઈ હોવાથી અનેકવિધ સવાલો

રાજકોટ, તા. ૧૭

ગત રવિવારે રાજકોટના ૧૧ સરક્ષણ ગૃહમાંથી અનેક બાળકો નાસી છૂટયા હતા જેમાંથી આઠ સગીરને પોલીસે પકડી પાડ્યા છે જ્યારે અન્ય ૩ની શોધખોળ ચાલી રહી છે. ક્યા કારણોસર અને કેવી રીતે તેઓ બાળ સંરક્ષણ ગૃહમાંથી નાસી છૂટ્યા તે પણ હાલ તપાસનો વિષય બન્યો છે. ત્યારે વધુ ત્રણ બાળ આરોપીની શોધખોળ કરવા માટે પોલીસે કવર કસી છે અને જિલ્લા પોલીસની પણ ખાસ મદદ લેવામાં આવી રહી છે. એક સાથે ૧૧ બાળકો નાસી છૂટતા સંસ્થાની કામગીરી અંગે પણ ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે કારણ કે આ એટલી ગંભીર ઘટના છે કે ખુદ કલેક્ટર ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને બનાવની ગંભીરતાને જાણી હતી. હાલ સચોટ કારણ હજી સુધી સામે આવ્યું નથી કે કેવી રીતે આ બાળકો સરક્ષણ ગૃહમાંથી નાસી છૂટ્યા. આ તમામ બાળકો ઉપર અનેક ગંભીર ગુનાઓ લાગેલા છે.

૭ કલાક પગપાળા ચાલી મોરબીથી નવલખી પહોંચ્યો હતો સગીર અને રેલવે સ્ટેશન પહોંચેલા બાળક પાસે રૂપિયા ન હોવાથી રેલવે ટ્રેક પર પગપાળા ચાલી નવલખી પહોંચ્યો હતો. રાજકોટ પોલીસે અત્યાર સુધીમાં ૮ સગીર ઝડપી પાડવા સફળતા મળી છે. હજુ ૩ બાળ આરોપીને ઝડપી પાડવા ક્વાય હાથ ધરવામાં આવી છે. ૧૩ જેટલી ટીમો બનાવી બાળકો શોધવા પોલીસ કામે લાગી છે. ગત રવિવારે આ ઘટના બની હતી અને પોલીસે અત્યાર સુધી ૮ સગીરને ઝડપી પાડયા છે, અન્ય ૩ સગીરને શોધવા માટે કવાયત ચાલું છે. તો પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આ સગીરોને ભગાડવા પાછળ કોનો મોટો હાથ છે.

એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોંડલ રોડ પર આવેલા બાળ સંરક્ષણ ગૃહ ખાતે રહેલા ૧૧ જેટલા બાળકો ૧૪ જુન ૨૦૨૬, રવિવારના રોજ નાસી ગયા હોવાની ઘટના સામે આવી હતી. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાન રાખીને રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, ડીસીપી રાકેશ દેસાઈ સહિતના ઉચ્ચ અધિકારી બાળ સંરક્ષણ ગૃહ ખાતે દોડી ગયા હતા. રવિવારના રોજ બાળ સંરક્ષણ ગૃહ ખાતેથી જે ૧૧ બાળકો નાસી છૂટયા હતા. તે પૈકી કેટલાક બાળકોના વિરુદ્ધમાં હત્યા, હત્યાના પ્રયાસ, અપહરણ, દુષ્કર્મ, આર્મ્સ એક્ટ, ખંડણી, જાનથી મારી નાખવાની ધમકી, મારામારી, ચોરી તેમજ ધી ઈમીગ્રેશન એન્ડ ફોરેન એક્ટ સહિતની કલમ હેઠળ ગુના દાખલ થઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે. રાજકોટ શહેરના બાળ સંરક્ષણ ગૃહમાંથી ૧૧ બાળકો નાસી જવાના ગંભીર મામલે સમાજ સુરક્ષા વિભાગે કડક વલણ અપનાવ્યું છે.

# RTIના ત્રીજા રાઉન્ડ બાદ ૬,000 બેઠક ખાલી

## ૧૯૨૬ માંથી માત્ર ૯૩૭ બાળકો કરશે પ્રવેશ : આજથી અંતિમ તબક્કો

રાજકોટ, તા. ૧૭

રાજ્ય સરકાર ભાર વગરના ભણતરની વાત કરી રહી છે સાથો સાથ એ તમામ લોકો કે જેઓ શિક્ષણ ને પહોંચી શકતા નથી એટલું જ નહીં વિદ્યાર્થીઓનો અભ્યાસ નાણાકીય બાબત અર્થે ન અટકી પડે તે હેતુસર રાઈટ ટુ એજ્યુકેશનની અમલવારી શરૂ કરવામાં આવી છે. દર વખતે આરટીઆઇ હેઠળ સરકાર અનેકવિધ જગ્યાઓ વિદ્યાર્થીઓને ફાળવતી હોય છે. પરંતુ આ વખતે આરટીઆઇ હેઠળ ત્રણ રાઉન્ડ પૂર્ણ થઈ ચૂક્યા છે અને હજુ પણ ઘણી ખરી બેઠકો ખાલી ખમ જોવા મળી રહી છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ત્રીજા રાઉન્ડમાં એલોટમેન્ટ થયેલા કુલ ૧૯૨૬ બાળકોમાંથી માત્ર ૯૩૭ બાળકોએ જ પ્રવેશ કન્ફર્મ




કરાવ્યો છે. ત્રણ રાઉન્ડના અંતે ખાનગી સ્કૂલોમાં ૭૮,૩૦૦ જેટલા બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ત્રણ રાઉન્ડના અંતે ખાલી પડેલી ૬ હજાર જેટલી બેઠકોમાં પ્રવેશ માટે તા.૧૮ મીથી ચોથો અને અંતિમ રાઉન્ડ યોજવામાં આવશે. રાજ્યભરની ૯૭૭૦ જેટલી ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા ક્વોટા મુજબ કુલ ૮૪,૪૪૭ બેઠકો પર પ્રવેશ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં અત્યાર સુધીમાં ત્રણ રાઉન્ડ યોજવામાં આવ્યા છે.

પ્રથમ અને બીજા રાઉન્ડમાં મળીને ૭૭,૪૨૫ જેટલા વિદ્યાર્થીઓના પ્રવેશ થતાં ૭૦૨૨ બેઠકો ખાલી પડી હતી. ખાલી પડેલી બેઠકોમાં પ્રવેશ માટે નિયામક કચેરી દ્વારા ત્રીજા રાઉન્ડની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્રીજા રાઉન્ડમાં વધુ ૧૯૨૬ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પ્રથમ અને બીજા રાઉન્ડ બાદ પણ ઘણા એવા વાલીઓ છે કે જેમના બાળકોને શાળાઓ ફાળવવામાં આવી નથી. કારણ કે પ્રથમ રાઉન્ડ બાદ વાલીઓને શાળાઓની પુનઃ પસંદગી કરવા સમય આપવામાં આવ્યો હતો. પરંતુ તે બાદ પણ ઘણા વાલીઓએ અગાઉ જે શાળા પસંદ કરી હતી તેમાં કોઈપણ પ્રકારનો બદલાવ કર્યો ન હતો.

# વર્ષ ૨૦૧૦ પૂર્વેના શિક્ષકો માટે TET ફરજિયાત

## ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશથી એક દિવસ બંધનું એલાન કલેકટરને પાઠવ્યું આવેદન

રાજકોટ, તા. ૧૭

રાજ્ય સરકારની શૈક્ષણિક નીતિ અંગે ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે વર્ષ ૨૦૧૦ પહેલા નિમણૂક પામેલા તમામ પ્રાથમિક શિક્ષકો માટે શિક્ષક પાત્રતા કસોટી ફરજિયાત કરવાના આદેશ સામે શિક્ષક સંઘ વિરોધ કરી રહ્યું છે અને તેમના દ્વારા ગઈકાલે રાજકોટ કલેકટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો અને સરકાર દ્વારા આ નિર્ણય બદલાવવામાં આવે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.વર્ષ ૨૦૧૦ પહેલા નિમણૂક પામેલા તમામ પ્રાથમિક શિક્ષકો માટે શિક્ષક પાત્રતા કસોટી (ઝઊઝ) ફરજિયાત કરવાના આદેશ સામે શિક્ષક સંઘે બાંયો ચડાવી છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશ અનુસાર, ૧૭ જૂન, બુધવારના રોજ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષકો દ્વારા એક દિવસીય મહા-ધરણાં કાર્યક્રમ યોજવામાં આવેલ છેજેમાં ૨૦૧૦ પહેલા સેવામાં જોડાયેલા તમામ શિક્ષકોએ ઝઊઝ પરીક્ષા ફરજિયાત પાસ કરવી પડશે તેવો ઉલ્લેખ હતો. જોકે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આ સમય મર્યાદા વધારીને ૩૧ ઓગસ્ટ ૨૦૨૮ સુધીમાં ઝઊઝ પાસ કરવા માટેનો આદેશ આપ્યો છે.પ્રાથમિક શિક્ષક સંઘનો મુખ્ય વિરોધ એ છે કે જે શિક્ષકો વર્ષોથી સેવામાં છે, તેમની સેવા, સુરક્ષા અને વ્યાવસાયિક ગૌરવ પર આ નિયમથી સીધી અસર પડે છે. આ મુદ્દે દિલ્હી ખાતે ૧૦ જૂન ૨૦૨૬ ના રોજ અઈંઙઝઋ એકશન કમિટીની બેઠક મળી હતી, જેમાં દેશભરના અનુભવી શિક્ષકોની આજીવિકા બચાવવા માટે તબક્કાવાર આંદોલનનો નિર્ણય લેવાયો હતો. 'શિક્ષક હિત અને ન્યાય માટે હવે એકતા દર્શાવવાનો સમય આવી ગયો છે' તેવા નારા સાથે, ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં વિશાળ સંખ્યામાં શિક્ષકો ભેગા મળીને કલેક્ટર કચેરી કે પંચાયત કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યા છે. જેમાં રાજકોટ ખાતે બપોરના ૩ થી ૫ અમરેલીમાં બપોરે ૨ થી ૫ વાગ્યા સુધી - રોકડિયા હનુમાનની બાજુમાં, આણંદમાં બપોરે ૧ થી ૩ વાગ્યા સુધી - ઉમાભવન, બોરસદ ચોકડી. મોરબીમાં સાંજે ૪ થી ૫:૩૦ વાગ્યા સુધી - કલેક્ટર કચેરી, સો ઓરડી. ડાંગમાં બપોરે ૧:૩૦ થી ૪:૦૦ વાગ્યા સુધી - ડાંગ જિલ્લા પંચાયત, આહવા. દાહોદમાં બપોરે ૧ થી ૩ વાગ્યા સુધી - જિલ્લા પંચાયતની સામે. નર્મદામાં બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી - રમત ગમત મેદાન, રાજપીપળા ખાતે ધરણા યોજવામાં આવેલ છે.

# NEETની પુનઃ પરીક્ષાના નોડલ અધિકારી તરીકે મકરંદ ચૌહાણ

## રાજ્ય પોલીસ વડાએ દરેક મહાનગરો દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની કરી સમીક્ષા આપ્યા જરૂરી સૂચનો

રાજકોટ, તા. ૧૭

રવિવારે નેશનલ એલજીબીલીટી કમ એન્ડ ટ્રસ્ટની પુના પરીક્ષા યોજવાની છે અગાઉ છબરડા ના કારણે આ પરીક્ષા માન્ય રાખવામાં આવી ન હતી જેના કારણે વિદ્યાર્થી ઓમાં પણ ભારે કચવાટ અનુભવાયો હતો ત્યારે પુનઃ પરીક્ષા પૂર્વે હાલ સમગ્ર દેશના વહીવટી પાંખ દ્વારા તમામ જરૂરી સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. જેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે પુના પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ રાજ્યના પોલીસ વડા જીએસ મલીકે મકરંદ ચૌહાણ ને રાજ્યના નોડલ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે ૨૧ જૂને યોજાનારી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG)ની તૈયારીઓની સમીક્ષા કરવા મંગળવારે રાજ્યવ્યાપી વિડિયો કોન્ફરન્સ યોજી હતી.




તમામ પોલીસ કમિશનરો, રેન્જ આઈજીપી અને જિલ્લા પોલીસ વડાઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યભરમાં NEET પરીક્ષાનું સુરક્ષિત, શાંતિપૂર્ણ અને સુચારુ આયોજન સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. DGP મલિકે NEET સંબંધિત કાયદો અને વ્યવસ્થાની કામગીરી માટે IGP (કાયદો અને વ્યવસ્થા) મકરંદ ચૌહાણને રાજ્ય નોડલ અધિકારી તરીકે નિયુક્ત કર્યા હતા. પરીક્ષા કેન્દ્રોમાં ઉમેદવારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ બંદોબસ્ત ગોઠવવા માટે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોની આસપાસ આવેલા ફોટોકોપી અને ઝેરોક્સ કેન્દ્રો પર કડક નજર રાખવા તેમજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની તમામ માર્ગદર્શિકાઓનું પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.પોલીસ એકમોને ઉમેદવારોની સઘન પરંતુ સંવેદનશીલ ચકાસણી કરવા, ખાસ કરીને મહિલા ઉમેદવારો સાથે ગૌરવપૂર્ણ અને સંવેદનશીલ વર્તન રાખવા તેમજ માતા-પિતા અને વાલીઓ સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર જાળવવા સૂચના આપવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ તથા અન્ય પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક ઉપકરણોના સુરક્ષિત જમા કરાવવાની અલગ વ્યવસ્થા કરવા પણ આદેશ આપવામાં આવ્યા હતા.પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા તમામ યુનિટ વડાઓને ૨૦ જૂનના રોજ ગઝઅના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત રીતે પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ નિરીક્ષણ કરવાની સૂચના આપવામાં આવી હતી. રાજ્યભરમાં પરીક્ષા સામગ્રીની ગોપનીય હેરફેરને ધ્યાનમાં રાખીને ૧૯થી ૨૧ જૂન દરમિયાન સઘન રાત્રિ પેટ્રોલિંગ પણ હાથ ધરવામાં આવશે. સાથે જ, અફવાઓ, ભ્રામક માહિતી અને પરીક્ષા પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાના પ્રયાસોને રોકવા માટે સોશિયલ મીડિયા મોનિટરિંગ વધુ સક્રિય કરવામાં આવ્યું છે.૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પણ ઉજવવામાં આવતો હોવાથી, DGPએ તમામ પોલીસ એકમોને યોગ દિવસના કાર્યક્રમો અને NEET પરીક્ષાની ફરજો માટે અલગ-અલગ માનવબળ ફાળવવા સૂચના આપી હતી, જેથી પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય. આ તમામ પગલાંઓનો મુખ્ય હેતુ NEET પરીક્ષાનું નિષ્પક્ષ, સુરક્ષિત અને વિક્ષેપરહિત આયોજન સુનિશ્ચિત કરવાનો છે, સાથે જ સમગ્ર રાજ્યમાં સુરક્ષા અને કાયદાના અમલની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે.

# ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે ૨૧મીએ યોગ દિવસની ઉજવણી

## કલેકટરના વડપણ હેઠળ મળી મહત્વની બેઠકઃ ૪000 લોકો યોગ અભ્યાસ કરે તે પ્રકારની વ્યવસ્થા

રાજકોટ, તા. ૧૭

૨૧ મી જૂન ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં થવા જઈ રહી છે જેને લઈને વિવિધ મહાનગરો તથા જિલ્લા સ્તરે સ્થાનિક પ્રશાસન દ્વારા યોગ દિવસની ઉજવણી માટે જરૂરી પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે. ત્યારે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે જે સંદર્ભે ગઈકાલે સાંજે કલેક્ટર કચેરી ખાતે વિશેષ બેઠક યોજવામાં આવી હતી અને કામગીરીનો તાગ મેળવવામાં આવ્યો હતો એટલું જ નહીં કલેક્ટર દ્વારા વિશેષ સૂચનો પણ આપવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ આગામી તા.૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ અંગે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવેલ છે. આગામી તા.૨૧મી જૂન રવિવારે સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન રેસકોર્સના ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે ૪ હજાર લોકો યોગ કરશે.ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રમાણિત ટ્રેનર્સ દ્વારા સંગીતમય વાતાવરણમાં હજારો લોકો યોગ કરી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અદકેરું આયોજન કરવામાં આવ્યું છે.રાજકોટ જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ શહેરના ઐતિહાસિક અને જાહેર સ્થળે યોજવામાં આવશે, જેમાં હજારોની સંખ્યામાં નાગરિકો એકસાથે યોગાભ્યાસ કરશે.કાર્યક્રમના સુચારુ સંચાલન માટે ટ્રાફિક મેનેજમેન્ટ, પીવાના પાણીની સુવિધા, મેડિકલ ઈમરજન્સી ટીમ અને કંટ્રોલ રૂમ જેવી તમામ વ્યવસ્થાઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ટીપરવાનને બ્રેક જરૂરી

## વાહનના ખોટા ખર્ચ ઘટાડવા માટે મહાપાલિકા દ્વારા આવકાર્ય કદમ



રાજકોટ મહાપાલિકામાં ઘણાં વર્ષે લોકહિતના નિર્ણાયક કદમ મંડાતા હોય તેમ લાગે છે. ગઇ કાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ખર્ચ ઘટાડવા અને કરકસરના પગલાં રુપે કરાર આધારિત વિવિધ વિભાગના ૫૧ જેટલાં વાહનોને બંધ કરવાનો આવકાર્ય નિર્ણય કરાયો હતો.અત્યાર સુધી મોટાભાગે સેટિંગના ભાગરુપે કરારો ચાલતા હતા અને લોકોના ખર્ચે તાગડધિન્ના થતા હતા. એક ઝાટકે વાહનો બંધ કરવાનો નિર્ણય આવકાર્ય છે. જો કે હજુ તંત્રમાં ખણખોદ કરવામાં આવે તો ઘણું નીકળી પડે તેમ છે. મહાપાલિકાના વાહનોમાં સૌથી વધારે ટીપર વાન હશે. ઘેરઘેરથી કચરો ઉઘરાવવાની આડમાં આ વાન આડેધડ દોડતી હોય તેમ લાગે છે. વ્યવસ્થિત આયોજન પૂર્વક રુટ ગોઠવવામાં આવે તો ડીઝલના ખોટા ધુમાડાં બંધ થઈ શકે છે. ટીપર વાનનો અન્ય ઉપયોગ થતો હોવાની પણ આશંકા છે. આ અંગે તપાસ થવી જોઈએ. આ ઉપરાંત ટીપર વાન બેફામ અને બેજવાબદારી પૂર્વક પણ દોડતી હોય છે. વાનની પાછળ અતિ ગંદા કોથળા પણ લટકાવવામાં આવ્યા હોય છે.

મેયર શ્રી આ દરેક મુદે તંત્રને ઢંઢોળે તો ઘણો ખર્ચ બચી જાય અને સેવા પણ શ્રેષ્ઠ બની શકે તેમ છે. પ્રજાના ટેક્સના નાણાંનો આવો સદુપયોગ ખરેખર પ્રશંસનીય છે. તંત્ર દ્વારા લેવાયેલો કરકસરનો નિર્ણય વહીવટી સુધારાની દિશામાં એક મોટું પગલું સાબિત થઈ શકે તેમ છે. વર્ષોથી વાહનોના ભાડા અને ઈંધણ પાછળ થતા આંધણ પર રોક લગાવવી અનિવાર્ય હતી. જો ઓડિટ પ્રક્રિયા વધુ કડક બનાવવામાં આવે તો હજુ પણ બિનજરૂરી ખર્ચના અનેક પાસાઓ સામે આવી શકે છે. ખાસ કરીને ટીપર વાનના રૂટનું ડિજિટલ મેપિંગ અને જીપીએસ ટ્રેકિંગ કડક રીતે લાગુ કરવું જોઈએ કચરો એકઠો કરવાની મુખ્ય કામગીરી ખોરવાયા વગર આ ઈંધણ ચોરી અને રૂટના ફેરાનું કૌભાંડ અટકે તે જરૂરી છે. શહેરના સત્તાધીશો જો આ જ રીતે મક્કમતા બતાવીને સરકારી મશીનરીનો દુરુપયોગ રોકશે, તો રાજકોટ મહાપાલિકાની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. નાગરિકો પણ ઈચ્છે છે કે ટેક્સના પૈસા સુવિધા પાછળ ખર્ચાય, નહીં કે વહીવટી બેદરકારીના ધુમાડામાં. આ આવકાર્ય કદમને આગળ ધપાવીને તંત્ર આ કચરા ગાડીઓની ગતિ અને ખર્ચ બંને પર યોગ્ય બ્રેક લગાવે તે સમયની માંગ છે.

# ભારતનું સંરક્ષણ ઉત્પાદન બમણું

## રાજનાથ સિંહે કહ્યું વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં દેશ નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યો



નવીદિલ્હી, તા..૧૭

ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ એક મોટું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં દેશનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન ₹૧.૭૮ લાખ કરોડના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે. સંરક્ષણ મંત્રાલયના ડેટા અનુસાર, કુલ સંરક્ષણ ઉત્પાદન ₹૧.૭૮ લાખ કરોડ નોંધાયું હતું, જે દેશના લશ્કરી ઉત્પાદન ક્ષેત્રની વધતી ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં સંરક્ષણ ઉત્પાદન ₹૧.૫૪ લાખ કરોડ હતું, જે ૨૦૨૫-૨૬ માં વધીને ₹૧.૭૮ લાખ કરોડ થયું. આ આશરે ૧૫.૬ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. પાંચ વર્ષ પહેલાની સરખામણીમાં, આ વૃદ્ધિ વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં, ભારતનું સંરક્ષણ ઉત્પાદન ₹૮૪,૬૪૩ કરોડ હતું, જે હવે વધીને ₹૧.૭૮ લાખ કરોડ થયું છે. આનો અર્થ એ કે પાંચ વર્ષમાં સંરક્ષણ ઉત્પાદનમાં આશરે ૧૧૦ ટકાનો વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ₹૪૩,૭૪૬ કરોડના આંકની તુલનામાં, સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ક્ષમતામાં ચાર ગણાથી વધુનો વધારો થયો છે. સંરક્ષણ ઉત્પાદનમાં આ વધારો મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોનું પરિણામ માનવામાં આવે છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરી. તેમણે આ સિદ્ધિની પ્રશંસા કરી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને આ ક્ષેત્રના તમામ હિસ્સેદારોના પ્રયાસોને શ્રેય આપ્યો.

રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે, નસ્ત્રવડા પ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ, ભારતનું સંરક્ષણ ઉત્પાદન દર વર્ષે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. મને તમને જણાવતા આનંદ થાય છે કે નાણાકીય વર્ષ (નાણાકીય વર્ષ) ૨૦૨૫-૨૬ માં, ભારતનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન ₹૧.૭૮ લાખ કરોડના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે.સ્ત્રસ્ત્ર સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, નસ્ત્રઆ સિદ્ધિ પાછલા નાણાકીય વર્ષના ₹૧.૫૪ લાખ કરોડના ઉત્પાદન કરતાં ૧૫.૬% નો નોંધપાત્ર વધારો દર્શાવે છે અને નાણાકીય વર્ષ ૨૦૨૧ (જ્યારે આ આંકડો ₹૮૪,૬૪૩ કરોડ હતો) કરતાં ૧૧૦% નો મોટો વધારો દર્શાવે છે. સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ₹૪૩,૭૪૬ કરોડથી લગભગ ચાર ગણું વધ્યું છે.સ્ત્રસ્ત્ર

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો સંરક્ષણ ઉત્પાદન વિભાગ અને અન્ય તમામ હિસ્સેદારોના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે. તેમણે જણાવ્યું હતું કે આ વધતી ગતિ દેશના વિસ્તરતા સંરક્ષણ ઔદ્યોગિક આધારનો સ્પષ્ટ સંકેત છે. તેમણે જણાવ્યું હતું કે સતત નીતિગત સમર્થન, ઘણી નવી પહેલો, ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં વધારો અને વધેલી નિકાસ ક્ષમતાઓ સાથે, આગામી વર્ષોમાં સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર વધુ ઝડપથી વિકાસ પામવા માટે તૈયાર છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (ઉ઼જીભત) અને અન્ય સરકારી સંસ્થાઓ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ સંરક્ષણ ઉત્પાદનમાં આશરે ૭૬% હિસ્સો ધરાવે છે. ખાનગી ક્ષેત્રનો ફાળો ૨૪ ટકા સુધી પહોંચ્યો. આ અગાઉના નાણાકીય વર્ષમાં ૨૨ ટકાથી વધીને ઉત્પાદન આશરે ₹૪૨,૦૦૦ કરોડ (આશરે ૪૨ બિલિયન) ના રેકોર્ડ સ્તરે પહોંચ્યું. આ ભારતના સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં ખાનગી કંપનીઓની ભૂમિકાના સતત મજબૂતીકરણને દર્શાવે છે.

# ચારે બાજુથી વિભાજન બાદ વિપક્ષમાં કેટલા સાંસદો?

## શું ભાજપ ગઠબંધન પાસે બે તૃતીયાંશ બહુમતી હશે?




નવીદિલ્હી, તા. ૧૭

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. કોલકાતા, મુંબઈથી લઈને દિલ્હી સુધી રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. બંગાળમાં મમતા બેનર્જીના ૨૦ સાંસદોએ બળવો કર્યો છે, જ્યારે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના છ લોકસભા સાંસદોએ એકનાથ શિંદે સાથે જોડાવાનો નિર્ણય લીધો છે. ટીએમસી અને શિવસેના (યુબીટી) વચ્ચેના આ વિભાજનથી ભાજપની આગેવાની હેઠળના એનડીએને મજબૂતી મળી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામો પછી નબળું માનવામાં આવતું એનડીએ હવે વધુ મજબૂત બન્યું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામોમાં ઓલ ઈન્ડિયા એલાયન્સ (એઆઈએડીએમકે)નો મજબૂત વિજય થયો, જેમાં કોંગ્રેસને ૯૯ બેઠકો, સમાજવાદી પાર્ટીને ૩૭, ટીએમસીને ૨૮, ડીએમકેને ૨૨, શિવસેના (યુબીટી)ને ૯, એનસીપી (શરદ પવાર જૂથ)ને ૮, આરજેડીને ૪, સીપીએમને ૩ અને જેએમએમને ૩ બેઠકો મળી.

પરંતુ હવે, બે વર્ષ પછી, ચિત્ર બદલાઈ ગયું છે. લોકસભામાં વિપક્ષી સાંસદોની સંખ્યા ઘટી ગઈ છે. ૨૦ સાંસદોના ગયા પછી, ટીએમસી પાસે હવે ફક્ત ૮ સાંસદો છે. ઉદ્ધવની શિવસેના પાસે ૩ સાંસદો બાકી છે. આનો અર્થ એ થયો કે વિપક્ષે હવે ૨૬ સાંસદો ગુમાવ્યા છે. દરમિયાન, તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પછી ડીએમકે અને કોંગ્રેસ વચ્ચેનું જોડાણ પણ તૂટી ગયું છે. ડીએમકેએ ઈન્ડિયા એલાયન્સથી અલગ થવાની જાહેરાત કરી છે. ડીએમકેના વડા સ્ટાલિને રાહુલ ગાંધી અંગે પોતાનું વલણ બદલ્યું છે. ડીએમકેના અલગ થવાથી લોકસભામાં ઈન્ડિયા એલાયન્સની સંખ્યા ૨૨ સાંસદોથી વધુ ઘટી ગઈ છે. ૨૨ સાંસદોના પાછા ખેંચાવા સાથે, ઈન્ડિયા એલાયન્સ પાસે ૧૮૭ સાંસદો બાકી છે.

બંધારણ સુધારો બિલ પસાર કરવા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે. બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬, અથવા સીમાંકન બિલ, એપ્રિલમાં સંસદમાં નિષ્ફળ ગયું કારણ કે તે જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયું. બિલને લોકસભામાં પક્ષમાં ૨૯૮ મત મળ્યા. આમાંથી ૨૯૩ એનડીએ સાંસદોના હતા અને ૫ અન્યના હતા.

ટીએમસીના વીસ બળવાખોર સાંસદો ગઈર્ઝમાં ભળી ગયા છે અને ગઉઅને ટેકો આપવાનું વચન આપ્યું છે. આનાથી ગઉઅના કુલ સભ્યોની સંખ્યા ૩૧૩ થશે. વધુમાં, ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળના જૂથના છ સાંસદો ગઉઅમાં જોડાઈ રહ્યા છે, જેનાથી કુલ સભ્યોની સંખ્યા ૩૧૯ થશે.જો ઉખઊંના ૨૨ સાંસદો, તમિલનાડુની ચૂંટણીમાં હાર અને ત્યારબાદ કોંગ્રેસ સાથેના સંબંધો તોડવાના નિર્ણય પછી, ગઉઅને ટેકો આપે છે, તો કુલ સભ્યોની સંખ્યા ૩૪૧ સુધી પહોંચી જશે. એપ્રિલમાં બંધારણ સુધારા બિલ પર મતદાન દરમિયાન, ગઉઅને ૨૯૮ સાંસદોનો ટેકો મળ્યો, જેનાથી તેને પાંચ વધારાના મત મળ્યા. આ ઉપરાંત, ગઉઅ ની સંભવિત સંખ્યા ૩૪૬ સુધી પહોંચી શકે છે, જે બે તૃતીયાંશ બહુમતીથી ફક્ત ૧૪ મત દૂર છે.

# ઉદ્ધવની શિવસેનામાં ભાગલા



નવીદિલ્હી, તા. ૧૭

શિવસેના (યુનાઈટેડ) ફ્રન્ટમાં ભાગલા વચ્ચે બુધવારે દિલ્હીમાં સંજય રાઉતના નિવાસસ્થાને એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. બેઠક દરમિયાન તેમણે બળવાખોર સાંસદો પર આકરા પ્રહારો કર્યા હતા. ત્રણ સાંસદો હાજર હતા. રાઉતે જણાવ્યું હતું કે, નસ્ત્રઅત્યાર સુધી, હું માનું છું કે બધા એક થયા છે. પરંતુ જેઓ છોડવા માંગે છે તેઓએ રાજીનામું આપવું જોઈએ.સ્ત્રસ્ત્ર તેમણે ઉમેર્યું હતું કે પાર્ટીના કાર્યકરોએ આ સાંસદોની જીત સુનિશ્ચિત કરવા માટે સખત મહેનત કરી છે. તેમણે ટિકિટ આપી, પૈસા આપ્યા અને શક્ય તેટલું બધું કર્યું. શિંદે જૂથના પક્ષમાં રહેલા સાંસદોએ તેનો ઈનકાર કરવો જોઈએ. રાઉતે જણાવ્યું હતું કે નસ્ત્રઅમારા મતદારોએ તમને જીત અપાવી, અને તમે આમ છોડી શકતા નથી. અમે કાનૂની લડાઈની તૈયારી શરૂ કરી દીધી છે.સ્ત્રસ્ત્ર વર્તમાન માહિતી અનુસાર, બધા સાંસદો અમારી સાથે છે. ૧૪મી તારીખે એક બેઠક યોજાઈ હતી. અમારા ચાર સાંસદો રૂબરૂ હાજર હતા, જ્યારે બાકીના ઓનલાઈન હતા. બધાએ કહ્યું કે તેઓ પાર્ટી સાથે છે અને છોડી રહ્યા નથી.

તેમણે ઉમેર્યું હતું કે બે સાંસદોએ સાંઈ બાબા, માતા ભવાની અને માતા દેવીના નામે શપથ લઈને અમારી સાથે રહેવાનું વચન આપ્યું હતું. જો તેઓ હજુ પણ જવા માંગતા હોય, તો અમે નહીં જઈએ. અમારી સંસદીય બેઠક કાલે સવારે ૧૧ વાગ્યે છે. કોઈ અમને મળીને આવું કહી રહ્યું નથી. કોઈએ અમને છોડી દેવાની વાત કરી નથી. ઉદ્ધવના પીઠબળ પર બધાએ ચૂંટણી જીતી છે. નોંધનીય છે કે ઉદ્ધવ જૂથના નવ સાંસદોમાંથી છ સાંસદો બળવો કરી રહ્યા છે. રાઉતે એમ પણ કહ્યું હતું કે ગઈકાલે રાત્રે મહારાષ્ટ્ર સાથે દગો કરવામાં આવ્યો હતો. સાંસદોને ખરીદ-વેચાણ કરવામાં આવ્યા હતા. ભાજપે સંમત થયેલા દરો જાહેર કરવા જોઈએ. તેમણે કહ્યું કે ભાજપ શિવસેનાને ટીએમસી તરફ તોડવાનો પ્રયાસ કરી રહી છે. મહારાષ્ટ્રમાં જે થઈ રહ્યું છે તે જનાદેશની વિરુદ્ધ છે. ભાજપે લોકશાહીને બજારમાં ફેરવી દીધી છે.

યુબીટીના સાંસદ અરવિંદ સાવંતે કહ્યું કે કોઈએ અમને કહ્યું નથી કે અમે પાર્ટી છોડી રહ્યા છીએ. અમે ઓમ બિરલાને પત્ર લખીને કહ્યું છે કે જે કંઈ થશે તે બંધારણની અંદર રહેશે. બંધારણને દરરોજ ટુકડા કરવામાં આવી રહ્યું છે. કાલે પાર્ટીની બેઠક છે. અમે ત્યાં તેની ચર્ચા કરીશું. અમે સાંસદો સાથે વાત કરી છે અને તેમણે કહ્યું કે તેઓ અમારી સાથે છે. દરમિયાન, સાંસદ અનિલ દેસાઈએ પૂછ્યું કે સાંસદોને કોણ લઈ જઈ રહ્યું છે. અરવિંદે જોગવાઈઓ હેઠળ પત્ર લખ્યો છે. મીડિયામાં પૈસા સ્વીકારવાનો મુદ્દો ચર્ચામાં છે. અમે તેના આધારે બોલી રહ્યા છીએ. શિવસેના યુબીટીમાં ભાગલા પડવાની અટકળો વચ્ચે, નાસિકથી શિવસેના યુબીટી સાંસદ રાજાભાઉ વાઝે દિલ્હી પહોંચ્યા છે. તેમણે કહ્યું, નસ્ત્રહું ઉદ્ધવજી સાથે છું અને તેમની સાથે જ રહીશ. મારો બીજા કોઈ સાથે કોઈ સંપર્ક નથી. મને કોઈ ફોન આવ્યો નથી, કે શિંદેજીએ મારો સંપર્ક કર્યો નથી. હું ગુસ્સે નથી અને તેમની સાથે છું. હું અહીં સમિતિની બેઠક માટે આવ્યો છું.સ્ત્રસ્ત્ર દિલ્હીમાં, શિવસેના યુબીટીમાં ભાગલા પડવાના અહેવાલો વચ્ચે સંજય રાઉતે બળવાખોર સાંસદો પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે જે લોકો રાજીનામું આપવા માંગે છે તેઓએ રાજીનામું આપી દેવું જોઈએ. બળવાખોરો પર ઘોડાના વેપારનો આરોપ લગાવતા, રાઉતે ભાજપ પર પણ નિશાન સાધ્યું અને કાનૂની કાર્યવાહીની ધમકી આપી.

**૬ સાંસદો બળવાખોર અને ૩ એક થયા, સંજય રાઉત કહે છે - જેઓ છોડવા માંગે છે તેમણે રાજીનામું આપી દેવું જોઈએ**

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## કૌશિક ને કેમ ભણવું નહોતું? અને કુંતલ એ એને કોની કહાની કહી સંભળાવી?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. બ્રહ્મા એ જ્યારે જીવ સૃષ્ટિનું સર્જન કર્યું અને પોતાના માનસ પુત્રો, પ્રજાપતિઓને માનવ સૃષ્ટિ સર્જનનું સોંપ્યું હતું. જેમાં મુખ્યત્વે દક્ષ, કશ્યપ, મરીચી, અને સ્વયંભુવ મનુ જેવા ઋષિઓનો સમાવેશ થાય છે, જેમણે આગળ જઈને માનવ વંશનો વિસ્તાર કર્યો! પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે એ લોકો એ જેટલા માનવ વંશનું સર્જન કર્યું એટલાં જ રહ્યા! કારણકે એમાં પુરુષ જ હતાં સ્ત્રી વંશ નહોતો! પરંતુ ઈશ્વર ને પૃથ્વી પર માનવ સૃષ્ટિ નું નિર્માણ કરવું હતું અને એટલે આપણે શિવપુરાણ માં જોયું કે ભગવાન શિવે પાર્વતીને આ કામ સોંપ્યું અને પછી પુરુષ અને સ્ત્રી નું મિલન થયું અને જે જીવ સૃષ્ટિનું નિર્માણ થયું એ ટકી ગઈ! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે ઈશ્વર ઈચ્છે છે કે મનુષ્ય જન્મ લઈ મોટો થઈ સંસારી બને અને આમ આ વંશ વધતો જાય! હાલાકી હવે એ વંશ વિસ્તાર ખૂબ વધી ગયો છે. ટૂંકમાં સંસારી હોવું એ કોઈ શરમની વાત નથી! સમ્યક ભાવે સમસ્ત વ્યવહાર નિભાવીને આ સંસારમાં જીવીને, મનુષ્ય એ શક્તિ, બુદ્ધિ, વિદ્યા, ક્ષમા, મૈત્રી, પ્રિતી,ભક્તિ, કરુણા અને શાંતિ જેવાં ભાવને હૃદયસ્થ રાખી જીવન મુક્તિ સુધીની સફર તય કરવાની હોય! પણ પરમાત્મા નિર્ગુણ અને આપણે તો અંત સુધી નગુણા જ રહ્યા એટલે સંસારને જ જન્મનો સાર સમજી જીવ્યાં અને મર્યા! ભોગ નો આ ભાવ જ સંસાર ને ભવ સાગર બનાવે છે અને કેમે કરીને એ પાર થતો નથી! પણ આજે ગુરુવાર એટલે નરસિંહની અમર ચેતના ને શત વંદન કરી એણે બતાવેલ માર્ગ પર ચાલવાનું છે!

**નરસિંહ મહેતા**

**રાખ ભવસિંધુના અતાગ મહા ભય થકી,
નામ નારાયણ નાવ મેલી.
ગોરવ સિંધુની વેળની રેલમાં
મહેરના પવનને મેલ ઠેલી..(૧)

સંસાર એવો ભવસાગર છે કે એનો તાગ મેળવી શકાતો નથી! એટલે કે એની ઉંડાઈ નો અંદાજ આંકવામાં આવે તો, દુઃખ અને ભય સિવાય બીજું કંઈ જ દેખાતું નથી. પરંતુ આ ભવસાગર મા નારાયણ નાં નામની હોડી તરતી મુકીએ તો આખું ચિત્ર બદલી જાય છે, જે ગર્વ મોહ અને ભય જેવા પૂરમાં તણાઈ જવાશે એવું લાગતું હતું ત્યાં નારાયણની મહેર થઇ એટલે કે કૃપાનો પવન આ ભય સ્થાનો ને દૂર ઠેલી દે છે.

**વિષય તૃષ્ણા હરો મોહ મન ના ધરો,
હું ને મારું જગત તેમાં બૂડો,
તું થકી વેગળા આસુરી માં ભળ્યાં
શરણ આવ્યાં જેનો અખંડ ચૂડો...(૨)

નરસિંહ નારાયણ ને કહે છે કે મારા મનનાં વિષય તૃષ્ણાને હરી લ્યો, મનમાં મોહ ધારણ કર્યા વગર રહી શકો! હું અને મારું વાળા અહંકાર ભર્યા જગતની માન્યતા જ ભવસાગરમાં ડૂબી જાય! જે તારાં થી વેગળા અથવા છૂટા પડ્યાં એ અસૂર સાથે ભળ્યા! અને જે સૌભાગ્ય વતી હોય એ જ નારાયણનાં શરણે આવશે.

**સુખ તો અલ્પ ને દુઃખ સાગર જસુ,
જન્મિયો જંતુ તે જન્મરોગી.
એક નિશ્ચે તારા નામનો આશરો,
હશે કોઈ વિરલો તેનો ભોગી...(૩)

દુન્યવી ભાવથી જોઈએ તો સુખ બહું થોડા છે અને દુઃખ તો સાગર જેટલા! પણ આ દુઃખનો સાગર પાર કરવા માટે તારાં નામનો આશરો જ શ્રેષ્ઠ છે એવો નિશ્ચય કરી શકે એવો વિરલ ભક્ત તો ભાગ્યે જ કોઈ હશે.

કલેશ આ વિશ્વનાં તાપ નિવારવાં,
મંગલ શ્રીકૃષ્ણનું નામ જાણો;
બે ઉપર જોડીને નરસૈયો વિનવે,
ભવજળ બુડતાં બાંહે તાણો...(૪)

આ વિશ્વના કલેશ અને તાપ નું નિવારણ કરનાર કોઈ હોય તો એ શ્રીકૃષ્ણ નું મંગલમય નામ છે! અને સંસારીઓ ને નરસિંહ બે હાથ જોડીને વિનવે છે, કે ભવસાગર ના જળમાં જો ડૂબી જઈએ તો અમારું બાવડું ઝાલીને અમને તણાઈ જતાં બચાવજે.આ પણ નામ સ્મરણનો મહિમા ગાતી જ રચના છે! પરંતુ રુપક આપવામાં નરસિંહનો જોટો જડવો મુશ્કેલ છે! જેમ કે નરસિંહ ભવસાગર આગળ રાખ શબ્દ પ્રયોગ કરીને બહુ મોટી વાત કરે છે, કે માનવ શરીર અંતે તો રાખ જ છે! અને આ ભવસાગરનું તળિયું એટલું ઉંડુ છે, કે વિચારીને ભય લાગે છે. હકીકતમાં નરસિંહ અતાગ શબ્દ પ્રયોગ એટલાં માટે કરે છે,કે સંસાર રુપી ભવસાગરનું તો એણે ખુદ નિર્માણ કર્યું છે, અને વ્યક્તિ ખુદ, વર્તન, વ્યવહાર, કે વ્યવસ્થાને નામે આસપાસ એટલું બધું ખડકતો ગયો, કે એનાં જીવનની સચ્ચાઈ સાવ તળિયે જતી રહી! અને એટલે હવે મૂળ માનવતા વિશે કે જે સાવ તળિયે પડી છે, એને વિશે વિચારીને જ એને ભય લાગે છે, પણ છતાં જો નારાયણનું નામ લીધું હશે, તો કૃપા બહુ મોટું કામ કરે છે, અને આ તમામ ભયને દૂર ઠેલી દે છે. અસૂર અને અખંડ ચૂડો , આ બે શબ્દ પ્રયોગ કરીને નરસિંહ કહે છે, સમયે ઈશ્વર સ્મરણ જો ચૂકી જઈએ તો, આંતરિક વૃત્તિઓમાં અસૂર પણું આવી જશે, એટલે કે અન્ય ને પ્રતાડિત કરતી વિકૃતિ આવશે અને જીવન પતન તરફ જશે! જે ભોગ છોડવાનું ક્યારેય વિચારશે નહીં, ભક્તિનો ભાવ અનુભવ્યાં વગર જ મરણને શરણ થશે. અખંડ ચૂડો એટલે કે નારાયણનાં નામની ભક્તિ સ્વામીની છત્રછાયા મેળવીને પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરશે! બિલકુલ સૌભાગ્યવતી સ્ત્રી જેમ પછી એને પોતાનાં પતિ કહે એ જ ધર્મ એમ કર્મનું બંધન છૂટી જશે, એટલે કે ભક્તિનો ભાવ શ્રેષ્ઠ છે. માનવીય મન કાયમ અતૃપ્ત રહે છે, એટલે એને સુખની અવધિ કાયમ ટૂંકી લાગે છે, અને એ જ રીતે નાની ફોડકી પણ એને ગુમડું લાગે, એમ દુઃખની વૃત્તિ મૂંઢીયા ગુમડાં જેમ સતત મોટા સાગરના મોજાં જેમ લબકારા મારે છે! જન્મ સમયે જે જંતુ જેવડો જન્મરોગી હતો, એટલે કે જન્મથી જ જેને નસ્ત્રહું પણાસ્ત્રસ્ત્ર નો રોગ લાગ્યો છે, એ નામનાં સહારે નિરોગી બની વિરલ વ્યક્તિત્વનો સ્વામી બનશે! વિશ્વના આવાં અનેક કલેશ, સંકટ અને તાપનું નિવારણ માત્ર મંગલમય શ્રીકૃષ્ણનું નામ જ છે! અને એટલે નરસૈંયો હાથ જોડીને નારાયણને વિનવે છે, કે તમે જ મને આ ભવજળ માં ડૂબતા હોઈએ ત્યારે બાવડું ઝાલીને બહાર કાઢજો. આમ નરસિંહ ચારે વેદનાં સાર એટલે કે હરિનામ સ્મરણની વાત સહજ સમજાઈ જાય એમ આપણી આગળ મુકીને પોતાની ભક્તિનો એકડો ઘૂંટે છે, અને આપણાં જેવાં સંસારીઓ માટે આનાથી કોઈ સરળ માર્ગ છે નહીં! માટે હરિને ભજીને એ રીતે સ્વામી આગળ સેવક બનીને પણ પ્રમુખ પદ ભોગવી શકાય છે! એમ સૂચવે છે. સંસારીઓ માટે કળિયુગમાં નામથી સરળ અને છતાં શ્રેષ્ઠ કોઈ સાધન નથી, માટે આપણે સૌ એને જીવન મંત્ર બનાવી અને બચેલા જીવનને ધન્ય બનાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### દેશી વિદેશી દારૂની ડ્રાઈવમાં મહિલા સહિત દસ ઝપટે ચડી ગયા

# વિદેશી દારૂ ભરેલી કાર સાથે લાલો ઝડપાયો

## માલવીયાનગર પોલીસે મવડી ચોકડીએથી હજરતઅલી ઉર્ફે લાલાને પકડ્યોઃ અન્ય નવ દરોડામાં અલગ અલગ પોલીસે મહિલા સહિતને દેશી-વિદેશી દારૂ સાથે પકડ્યા

રાજકોટ,તા.૧૭

વિદેશી દારૂ અને દેશી દારૂની હેરાફેરી કરનારા તત્વો સામે ઝુંબેશ ચલાવી રહેલી શહેર પોલીસ સતત દરોડા પાડીને આવા તત્વોને જેર કરી રહી છે. જો કે આમ છતાં દારૂની હેરાફેરી અટકતી નથી. શહેર પોલીસે વધુ આવા દરોડામાં ચારને પકડી લીધા હતાં. જેમાં એક શખ્સને એક લાખથી વધુનો દારૂ ભરેલી કાર સાથે માલવીયાનગર પોલીસે ઝડપી લીધો હતો. જ્યારે મહિલા સહિત નવને દેશી વિદેશી દારૂ સાથે પકડી લીધા હતાં.




વિગતો પર નજર કરીએ તો દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા માલવીયાનગર પોલીસની ટીમ કાર્યરત હોઇ બાતમીને આધારે એક લાખથી વધુનો વિદેશી બનાવટનો દારૂ ભરેલી કાર લઇને નીકળેલા એક શખ્સને મવડી ચોકડી નજીક પકડી લીધો હતો. કારમાં રોયલ ચેલેન્જર્સ અને જ્યુબીલી ગોલ્ડ વ્હીસ્કીના અલગ અલગ પાઉચ મળી આવ્યા હતાં. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતીને આધારે જીજે૧૧બીઆર-૨૫૭૯ નંબરની આઇ-૨૦ કાર આંતરી તલાશી લેતાં અંદરથી રૂા. ૧,૧૬,૪૯૬ના ૪૩૨ નંગ વિદેશી દારૂના અલગ અલગ ચપલા મળી આવતાં તે તના પાંચ લાખની કાર મળી કુલ ૬૧૬૪૯૬નો મુદ્દામાલ કબ્જે કરી કારચાલક હજરતઅલી ઉર્ફે લાલો ઇકબાલભાઇ શેખ (રહે. આરએમસી ક્વાર્ટર, સાગર ચોક, બાલાજી હોલ પાછળ)ને પકડી લીધો હતો.

આ કામગીરી પોલીસ ઇન્સ. જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં હેડકોન્સ. અજયભાઇ વીકમા, કે. જી. ઝાલા, મનિષભાઇ સોઢીયા, ભાવેશભાઇ ગઢવી સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે આ કામગીરી કરવામાં આવી હતી. આ શખ્સ છુટક મજુરી કરે છે. તે દારૂનોલ જથ્થો ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હતો? તેની તપાસ હાથ ધરવામાં આવી હતી.

જ્યારે ડ્રાઇવની અન્ય વિગતો જોઇએ તો યુનિવર્સીટી ભગતસિંહ ગાર્ડન પાછળ ગુ.હા. બોર્ડમાં રહેતી રિધ્ધી હાર્દિકભાઈ દેશાણીને યુનિવર્સીટી પોલીસે રૂા. ૧૦૦૦ના દેશી દારૂ સાથે પકડી હતી..કોટડા નાયાણી ગામેં રહેતા સંજય નાથાભાઈ ગોરિયાને કુવાડવા પોલીસે જાળિયાથી કુવાડવા જવાના રસ્તેથી રૂ.૧૦૦૦ સાથે ઝડપી પાડ્યો હતો. રામનાથપરા ગરૂડ ગરબી ચોક પાસેથી એ-ડીવીઝન પોલીસે રૈયાગામે લાઈટ હાઉસમાં રહેતા દિવ્યેશ ઉર્ફે દિનેશ ચંદ્રકાન્તભાઈ પારેખને બીયરના છ ટીન કીમત રૂ.૬૦૦ સાથે ઝડપી લીધો હતો. કાલાવડ રોડ પર આવેલી જડુસ હોટેલ પાસેથી સરિતા વિહારના જેન્તી ઉર્ફે જોખમ બેચરભાઇ વાઘેલાને રૂ.૧૦૦૦ના દેશી દારૂ સાથે રાજકોટ તાલુકા પોલીસે ઝડપી લીધો હતો.

આ ઉપરાંત ત્રેપન ક્વાર્ટર પાસે પાણીના સંપની પાછળ ખુલા વંડામાં વિજય અશોકભાઈ સોલંકી દારૂની ભઠ્ઠી ચલાવતો હોવાની બાતમીના આધારે પ્ર.નગર પોલીસે દરોડો પાડી રૂ.૧૫૭૪૫નો મુદામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી. રેલનગર જાડેજા ચોક નજીક આવેલા પાણીના ટાંકા પાસેથી દીપક નરશીભાઈ બારૈયાને દારૂની બોટલ અને ચપલા મળી રૂ.૨૦૦૦ના દારૂ સાથે ઝડપી લીધો હતો. લાલપરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નજીકથી અશરફ ઉર્ફે અશું સુલેમાનભાઈ રાઉમાને બી-ડીવીઝન પોલીસે રૂ.૫૦૦૦નાં વિદેશી દારૂ સાથે ઝડપી લીધો હતો.

તેમજ સદગુરૂ રેસિડેન્સી-૧ પાસેથી ગંજીવાડાના ઉદય ભરતભાઈ પરમારને આજીડેમ પોલીસે રૂ.૬૦૦ના દારૂ સાથે ઝડપી લીધો હતો. જયારે મહિકા ગામથી અશાપુરા ચોકડી તરફ જવાના રસ્તે રોડ પર દારૂ વેચાતો હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસે નવી કોર્ટની સામે રહેતા બાદલ રાજેશસિંહ ભદોરિયાને ૧૦૬ બોટલ દારૂ કીમત રૂ.૧૦,૬૦૦ સાથે ઝડપી લીધો હતો અને શિવભવાની ચોક કોઠારિયા મેઈન રોડ પરથી જય જીતુભાઈ ગૌસ્વામીને બીયરના એક ટીન સાથે પકડીલઇ કાર્યવાહી કરી હતી. આમ દેશી વિદેશી દારૂ સાથે દસ પકડાઇ ગયા હતાં.

# બાળ સંરક્ષણ ગૃહમાંથી ભાગેલા અગીયારમાંથી વધુ એક બાળક મળી આવ્યો

## પોલીસે જેતપુર પાસેથી શોધી કાઢ્યોઃ મારામારીમાં સામેલ હતો

રાજકોટ,તા.૧૭

શહેરના ગોંડલ રોડ પર આવેલા બાળ સંરક્ષણ ગૃહમાંથી ગયા રવિવારે અલગ અલગ ગંભીર ગુનાઓમાં સામેલ અગીયાર બાળ આરોપીઓ કાવત્રાને અંજામ આપી લોખંડની જાળી અને સીસીટીવી કેમેરા તોડી ભાગી નીકળતાં શહેર પોલીમસાં દોડધામ મચી ગઇ હતી. આ ભાગેલા પૈકીના કુલ આઠ બાળકોને અલગ અલગ ગામ શહેરમાંથી શોધી કાઢવામાં આવ્યા હતાં. વધુ એક બાળકને જેતપુર પાસેથી પોલીસ શોધી લાવી હતી.

જાણવા મળ્યા મુજબ સામેલ છે તેવા અગીયાર કાયદાના સંઘષમાં આવેલા બાળ કિશોરો ભાગી ગયા હતાં. જેમાંથી એક પાકિસ્તાની બાળક થોડી જ કલાકોમાં પાછો આવી ગયો હતો. બે બાળકોને લીં બડી તથા બે વિરમગામ પાસેથી શોધી કઢાયા હતાં. તેમજ એકને નવલખી બંદર પાસેથી શોધી કઢાયો હતો. આ ઉપરાંત અન્ય બે બાળકોને પણ શોધી કાઢ્યા હતાં.

ભાગતા ફરતાં ત્રણમાંથી હજુ એક બાળકને એ-ડિવીઝન પોલીસે જેતપુર પાસેથી પકડી લીધો હતો. આ સગીર બાળક મારામારીના ગુનામાં સામેલ હતો અને તેને અહિ બાળ સંરક્ષણ ગૃહમાં રખાયો હતો. દસ બાળકો સાથે કાવત્રુ ઘડી આ સગીર પણ ભાગી ગયો હતો. તે ગોંડલ રોડ ચોકડીએથી રિક્ષામાં બેસીને જતો દેખાયો હતો. પગેરૂ દબાવી પોલીસ તેને જેતપુર તરફથી શોધી લાવી છે. હજુ બે બાળકોની શોધખોળ યથાવત રાખવામાં આવી હતી.

# હવે એક વર્ષમાં પથી વધુ ઈ-ચલણ તો લાઈસન્સ સસ્પેન્ડ!


ગાંધીનગર, તા. ૧૭

ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો માટે લાલબત્તી સમાન નિર્ણય ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ નવા સુધારાઓ મુજબ ઈ-ચલણ અંગે વાહનચાલકો અને માલિકો માટે ફરિયાદ નિવારણ, રકમ ભરપાઈ કરવાની મુદત તેમજ લાઈસન્સ સસ્પેન્શન અંગેની જોગવાઈઓ વધુ કડક બનાવવામાં આવી છે.

વાંધો હોય તો ૪૫ દિવસમાં ફરિયાદની તક જો કોઈ પણ વાહનચાલક કે માલિકને ઈશ્યુ થયેલા ઈ-ચલણ સામે કોઈ વાંધો, ભૂલ કે રજૂઆત હોય, તો ચલણ ઈશ્યુ થયાની તારીખથી ૪૫ દિવસની સમયમર્યાદામાં પઈ-ચલણ પોર્ટલથ પર ઓનલાઈન ફરિયાદ દાખલ કરી શકાશે. ચલણ સ્વીકૃતિના ૩૦ દિવસમાં દંડની ભરપાઈ કરવી ફરજિયાત ચલણ ઈશ્યુ થયાના ૪૫ દિવસ બાદ જો કોઈ ફરિયાદ નોંધાવવામાં નહીં આવે, તો એવું માની લેવામાં આવશે કે વાહન માલિક અથવા ડ્રાઈવર દ્વારા ચલણનો સ્વીકાર કરી લેવાયો છે. ચલણ સ્વીકૃતિના આ દિવસથી આગામી ૩૦ દિવસની અંદર ચલણની રકમની ભરપાઈ કરવાની રહેશે.

જો નિયત સમયમર્યાદામાં ચલણની રકમ ભરવામાં નહીં આવે, તો જ્યાં સુધી રકમ પૂરેપૂરી ભરપાઈ ન થાય ત્યાં સુધી વાહન પોર્ટલ પર સંબંધિત વાહનને "Not to be transacted" એટલે કે, બ્લોક કરી દેવાશે. આ સ્થિતિમાં, મોટર વાહનના સરકારી ટેક્સ સિવાયની તમામ સેવાઓ જેવી કે ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રક્રિયા, આર. સી. બુક અથવા વાહન સંબંધિત અન્ય કોઈ પણ અરજીઓ પર કોઈ પણ પ્રકારની વહીવટી પ્રક્રિયા થઈ શકશે નહીં.

જો ફરિયાદ નિવારણ સત્તાધિકારી દ્વારા વાહનચાલકની રજૂઆતને નકારી દેવામાં આવે, તો ચાલકે ત્યારબાદ ૩૦ દિવસમાં ચલણની પૂરી રકમ ભરવી પડશે અથવા ચલણની રકમના ૫૦ ટકા રકમ ઈ-ચલણ પોર્ટલ પર ડિપોઝિટ તરીકે જમા




૪૫ દિવસમાં ફરિયાદ કે રજૂઆત કરવાની તક, સમયસર દંડ નહીં ભરો તો 'વાહન પોર્ટલ' પર વાહન થશે બ્લોક

કરાવી કોર્ટ સમક્ષ અપીલ કરવાની રહેશે. જો આ બંનેમાંથી કોઈ પ્રક્રિયા કરવામાં ન આવે, તો ચલણ સ્વીકૃત માની લેવાશે અને ૧૫ દિવસમાં રકમ ચૂકવવી પડશે. આવું ન કરનાર વાહનને વાહન પોર્ટલ પર "Not to be transacted" તરીકે બ્લોક કરવામાં આવશે.

નવા સુધારાની સૌથી કડક જોગવાઈ અનુસાર, જો કોઈ એક જ વાહન માલિક અથવા ડ્રાઈવરને એક જ વર્ષમાં ૫ કે તેથી વધુ વખત ચલણ ઈશ્યુ કરવામાં આવશે, તો તે વાહનચાલકનું ડ્રાઇવિંગ લાઈસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારે તમામ વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તેમજ બાકી રહેલા ઈ-ચલણ સમયસર ભરી દેવા અપીલ કરી છે, જેથી વાહન બ્લોકિંગ અને લાઈસન્સ સસ્પેન્શન જેવી કડક કાર્યવાહીથી બચી શકાય.

# ઔદ્યોગિક દુર્ઘટનામાં ગુજરાત અવ્વલ

## ૧૨૦ થી વધુ શ્રમિકોના મોતથી દેશભરમાં અનેક ચર્ચા : સુરક્ષા અંગે પ્રશ્નો ઉભા થયા

રાજકોટ, તા. ૧૭

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર હાલ ઔદ્યોગિક એકમો તથા અહીં કામ કરતા કર્મચારીઓને પ્રોત્સાહન આપવા અને તેઓને સુરક્ષિત કરવા માટેના અનેકવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવતા હોય છે પરંતુ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ઉદ્યોગિક દુર્ઘટનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે અને એમાં આશરે ૧૨૦ જેટલા શ્રમિકોના મોત નીપજ્યા છે જેનાથી સમગ્ર દેશમાં અરેરાટી મચી ગઈ છે અને એકમોની બેદરકારી અંગે પણ સવાલો ઊભા થયા છે.

કેન્દ્ર સરકાર દ્વારા ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના પર અંકુશ લાદવામાં આવે તે માટે શું પગલાં લેવાશે તે પણ એટલું જ મહત્વનું છે. ત્યારે જોવાનું એ રહ્યું કે હાલની જે સ્થિતિ છે તેને કઈ રીતે તંત્ર કાબુમાં રાખી શકે છે. મહત્વનું એ છે કે ફેક્ટરીમાં લોકોની સુરક્ષા વધારવામાં આવે તે ખૂબ જરૂરી છે અને સલામતી અંગેના દરેક પગલાંઓ જે તે એકમો લઈએ તે પણ એટલું જ આવશ્યક છે.

કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા એક ચોંકાવનારા અહેવાલમાં ગુજરાત માટે અત્યંત ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર ગણાતું ગુજરાત ફેક્ટરી દુર્ઘટનાઓ અને તેમાં થતા શ્રમિકોના મૃત્યુ મામલે પણ દેશભરમાં પહેલા નંબરે પહોંચી ગયું છે. રિપોર્ટ અનુસાર, રાજ્યમાં અલગ-અલગ ફેક્ટરી અકસ્માતોમાં કુલ ૧૨૧ શ્રમજીવીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેને પગલે ફેક્ટરીઓની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા થયા છે.

શ્રમિક સંગઠનો અને જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. એવા આક્ષેપો થઈ રહ્યા છે કે ફેક્ટરીઓમાં નિયમિત ચેકિંગ કે ઈન્સ્પેકશનના નામે માત્ર પહપ્રારાજથનું દૂષણ ચાલી રહ્યું છે. ફેક્ટરી સંચાલકો અને સરકારી ઈન્સ્પેક્ટરો વચ્ચેની કથિત મિલીભગતને કારણે જ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને આવી જોખમી અને ગેરકાયદેસર



ફેક્ટરીઓ ધમધમી રહી છે, જે આખરે નિર્દોષ મજૂરોના મોતોનું કારણ બને છે. રાજ્યમાં ચાલી રહેલી આવી અનેક ગેરકાયદેસર ફેક્ટરીઓમાં માનવજીવનની કોઈ કિંમત જ ન હોય તેવો ઘાટ સર્જાયો છે. ગરીબ શ્રમજીવીઓ કે કામદારો માટે આવી ફેક્ટરીઓમાં આગ કે અકસ્માત સામે સલામતી અને રક્ષણના કોઈ જ નક્કર પગલાં લેવામાં આવતા નથી. સુરક્ષાના સાધનો વિના જ કામદારો પાસે જોખમી કામ કરાવાતું હોવાથી દરરોજ સેંકડો પરિવારોના કમાતા સભ્યોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. કેન્દ્ર સરકારના આ સત્તાવાર અહેવાલમાં વધુ એક મહત્વનું તારણ બહાર આવ્યું છે કે, ગુજરાતમાં સૌથી વધુ અકસ્માતો અમદાવાદ અને તેની આસપાસ આવેલી કેમિકલ ફેક્ટરીઓમાં ઘટે છે. ઝેરી ગેસ ગળતર, બ્લાસ્ટ કે ભીષણ આગ જેવી ઘટનાઓ અહીં અવારનવાર બને છે. હવે જોવાનું એ રહેશે કે આ ચોંકાવનારા રિપોર્ટ બાદ પણ તંત્ર જાગશે ખરું? શું બેદરકાર સંચાલકો સામે કોઈ કડક પગલાં લેવાશે?

# રામદેવ ડાંગર ગેંગ સામે ગુજસીટોકઃ પાંચ સામે ગુન્હો

**૨૪ થી વધુ ગંભીર ગુનાઓ અને ધાક-ધમકીનો ઈતિહાસઃ ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસિયા અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ એક ગેંગની હવા કાઢી**

રાજકોટ,તા.૧૭

શહેરમાં સંગઠિત ગુનાખોરી આચરતી ટોળકીઓ અને માફિયાઓ સામે પોલીસ કમિશનરે લાલ આંખ કરી છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સક્રિય અને માથભારે એવી નસ્રરામદેવ ડાંગર ગેંગસ્રસ્રના કુલ ૦૫ સાગરીતો વિરૂદ્ધ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ દ્વારા ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ એક્ટ-૨૦૧૫ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



૨૪ થી વધુ ગંભીર ગુનાઓ અને ધાક-ધમકીનો ઈતિહાસ જોઈએ તો આ ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સિન્ડિકેટ (ટોળકી) દ્વારા સને ૨૦૧૭ થી સને ૨૦૨૬ દરમિયાન રાજકોટ શહેરમાં પોતાની ધાક ઉભી કરવા સારું પ્રાણઘાતક હથિયારો વડે ખૂન, ખૂનની કોશિષ, ગંભીર ઇજાઓ, બળજબરીથી કઢાવવું (ખંડણી), તોડફોડ, ગેરકાયદે મંડળી રચી હુમલા કરવા, તેમજ સરકારી અધિકારીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હુમલા કરવા અને બળજબરીથી જમીન પચાવી પાડવા જેવા અનેક ગંભીર ગુનાઓ આચરવામાં આવ્યા છે. આ ગેંગના સભ્યો સામે અલગ-અલગ કુલ ૫૨ જેટલા ગુનાઓ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. સમાજમાં દારૂ તથા ગેરકાયદેસર આર્મ્સ હથિયારોનું વેચાણ કરી ભયનું વાતાવરણ ઊભું કરનારી આ ટોળકીને નેસ્તનાબૂદ







કરવા આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસે આ ગેંગના મુખ્ય સાગરીતોને દબોચી લીધા છે, જેમાં રામદેવ લક્ષ્મણભાઇ ડાંગર (ગેંગ લીડર) - રહે. વિનાયક વાટીકા સોસાયટી, શેરી નં. ૦૪, માધાપર ચોકડી, જામનગર રોડ, રાજકોટ. કુલદીપસિંહ ઉર્ફે લાલો દશરથસિંહ જાડેજા - રહે. ઘંટેશ્વર પાર્ક, વૈષ્ણવ એપાર્ટમેન્ટ ૪૦૧, ઘંટેશ્વર પાર્ક હોટલ પાછળ, જામનગર રોડ, રાજકોટ, સતીષ મેરામભાઇ બાલાસરા રહે. ઘંટેશ્વર ગામ, ખોડીયાર માતાજીના મંદિરની બાજુમાં) મળી આ ગેંગના અન્ય બે સભ્યો વિરૂદ્ધ પણ ગુજસીટોકની કલમો હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે. આ બે સભ્યોમાં જનક મુળુંભાઈ ડાંગર અને સતીષ મેરામભાઈ બાલાસરા સામેલ છે.

કામગીરી કરનાર પોલીસ ટીમ

આ સમગ્ર કાયદેસરની કાર્યવાહી રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

નાયબ પોલીસ કમિશનરશ્રી (ક્રાઇમ) જગદીશ બાંગરવાની સુચના અને મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઇમ) ભરત બી. બસીયાના સુપરવિઝન હેઠળ આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. જેમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ સી.બી. જાડેજા, ડીસીબી.

પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ જનકભાઇ કુગશિયા, હેડકોન્સ પ્રતિકસિંહ રાઠોડ, તથા ટીમના માણસો દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં મહત્વની કામગીરી કરેલ છે. સાથે પો.સબ ઇન્સ. વી.ડી.ડોડીયા, એ.એન.પરમાર, ડી.પી.ઝાલા નાઓ તથા ડી.સી.બી.ની તમામ ટીમના માણસો દ્વારા મહત્વની કામગીરી કરવામાં આવેલ છે.

ગુપ્ત રીતે આ ટોળકીના ગુનાહિત ઈતિહાસની વિગતો મેળવી પ્રસંશનિય કામગીરી કરી છે. આ કેસની આગળની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી ઉત્તર વિભાગ નાઓ ચલાવી રહ્યા છે. આરોપીઓએ ગુનાખોરી દ્વારા વસાવેલી ગેરકાયદેસર મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી પણ આગામી સમયમાં કરવામાં આવશે.




# ઓમનગરમાં એકલા રહેતાં પ્રૌઢે ઝેર પી દુનિયા છોડી

રાજકોટ,તા.૧૭

અપમૃત્યુના વધુ એક બનાવમાં મવડીના ઓમનગરમાં રહેતાં પ્રૌઢે ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ઓમનગર ચાલીસ ફુટ રોડ પર રહેતાં દીપકભાઇ કરસનભાઇ લાઠીયા નામના પ્રૌઢે ગત તેરમીએ ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

અહિ આજે તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક એકલવાયુ જીવન જીવતા હતાં અને બે ભાઇમાં નાના હતાં. દીપકભાઇ દવા પી ગયા ત્યારે પાડોશીએ દીપકભાઇના ભત્રીજાને જાણ કરતાં તેમણે સારવાર માટે ખસેડ્યા હતાં. એકલાવાયા જીવનને કારણે પગલુ ભર્યાની શક્યતા જણાવાઇ હતી.

દામ્પત્ય જીવનમાં ડખ્ખાની બે ચોંકાવનારી ઘટના પોલીસ સુધી પહોંચી

# AC ચાલુ કરતાં પત્નિને મારકુટ: સંબંધ બાંધવા બળજબરી!

## બીજી ઘટનામાં તારુ મોઢુ જોઇ સ્મશાન યાદ આવે છે કહી પત્નિને સાત વર્ષની દિકરી સાથે ઘરમાંથી કાઢી મુકી: રોકડ પણ પડાવી લેવામાં આવી

રાજકોટ, તા. ૧૭

દામ્પત્ય જીવનમાં અમુક પતિ-પત્નિ વચ્ચે નાની મોટી વાતે તકરાર થતી રહેતી હોય છે. પરંતુ ઘણીવાર વાત વણસી જતી હોય છે અને પોલીસ સુધી પહોંચતી હોય છે. ઘણીવાર પરિણીતાઓ પર એવો ત્રાસ ગુજારાતો હોય છે કે હદ બહાર વાત પહોંચી જતી હોય છે. બે આવા ચોંકાવનારા કિસ્સા પોલીસ સુધી પહોંચ્યા છે. જેમાં એકમાં પત્નિને એસી ચાલુ કરવા મામલે પતિએ બેફામ માર માર્યો હતો. બળજબરીથી પતિ સંબંધ બાંધવા મજબૂર કરતો હોવાની પણ ફરિયાદ કરવામાં આવી હતી. બીજી ઘટનામાં તારું મોઢુ જોઇને સ્મશાન યાદ આવે છે તેમ કહી પરિણીતાને ત્રાસ અપાતો હતો. તેની પાસેથી રોકડ પડાવી સાત વર્ષની દિકરી સાથે તેણીને કાઢી મુકાઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો ગાંધીનગરના સુઘડ વિસ્તારમાં આવેલા એક પોશ લેટમાં ઘરેલું હિંસાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માત્ર રૂમમાં એરકન્ડિશનર ચાલુ કરવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને પતિએ પોતાની ૪૬ વર્ષીય પત્નીને બેરહેમીપૂર્વક ઢોર માર માર્યો છે. આટલું જ નહીં, ભોગ બનનાર પરિણીતાએ પતિ વિરુદ્ધ તેની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક અમાનવીય શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરતો હોવાનો પણ ગંભીર આક્ષેપ પણ કર્યો હતો. આ મામલે પરિણીતાએ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર, સુઘડ અગોરા મોલની બાજુમાં આવેલા પાર્શ્વનાથ એટલાન્ટિસ પાર્કના ઓર્ચિડ લેટમાં રહેતા અરૂણાબેન પંચાલના પ્રથમ લગ્ન થયા બાદ વર્ષ ૨૦૨૩માં તેમના પ્રથમ પતિનું અવસાન થયું હતું.

ત્યારબાદ ગત જુલામા રોજ તેમણે છપ્પન વર્ષીય મુકેશભાઈ હીરાલાલ પંચાલ સાથે હિન્દુ વિધિથી આર્ય સમાજમાં બીજા લગ્ન કર્યા હતા. લગ્ન બાદ અરુણાબેન પોતાની વીસ વર્ષની દીકરી ખુશી સાથે મુકેશભાઈના ઘરે રહેવા આવ્યા હતા. લગ્નના થોડા જ સમયમાં પતિ મુકેશ પંચાલે પોતાનું અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું હતું. ઘરમાં પંખા અને એસી ચાલુ રાખવા જેવી બાબતોમાં તેમજ ઘરખર્ચ માટે પૂરતા પૈસા ન આપીને તે અવારનવાર પત્નિને



માનસિક અને શારીરિક રીતે ટોર્ચર કરતો હતો. પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે પતિ તેની ઈચ્છા વિરૂધ્ધ અમાનવીય શારીરિક સંબંધ બાંધવા પણ દબાણ કરતો હતો. દરમિયાન તાજેતરમાં સાંજના ચારેક વાગ્યે પતિ મુકેશ ઘરમાં ટીવી જોઈ રહ્યો હતો. તે સમયે અરુણાબેન ત્યાં બેસવા જતા જ પતિએ કકળાટ કરીને ટીવી અને પંખો બંધ કરી દીધા હતા.

આથી અરૂણાબેન પોતાના રૂમમાં જઈને એસી ચાલુ કરી સુઈ ગયા હતા. બાદમાં જ્યારે તેઓ જાગ્યા ત્યારે પતિ મુકેશે ઉશ્કેરાઈને પૂછ્યું હતું કે તેં એસી કેમ ચાલુ કર્યું છે? તેમ કહી ભારે હોબાળો મચાવી અરુણાબેનને બેરહેમીપૂર્વક માર મારવાનું શરૂ કર્યું હતું. પતિના આ ઘાતકી હુમલામાં શરીરે ગંભીર મૂઢમાર વાગતાં અરુણાબેનને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અરુણાબેને ફરિયાદમાં ખુલાસો કર્યો છે કે આ ત્રાસ અંગે તેમણે અગાઉ પોતાના ભાઈ જગદીશભાઈ તેમજ નણંદ અને નણદોઈને પણ વાત કરી હતી. ભાઈએ મુકેશને સમજાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં તેના વર્તનમાં કોઈ સુધારો આવ્યો ન હતો. ઉલટાનું, પતિ મુકેશની અગાઉની પત્નીની દીકરી વિધિ પંચાલ અને નણંદ હર્ષાબેન અવારનવાર મુકેશનો પક્ષ લઈને ફોન પર અરૂણાબેનને ધમકાવતા હતા. હાલમાં આ સમગ્ર મામલે અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો ગાંધીનગરના સેક્ટર-૨૫માં હાલ પિયરમાં આશરો લઈ રહેલી આડત્રીસ વર્ષીય પરિણીતાને સાસરિયાં દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપી દહેજ પેટે લાખો રૂપિયા અને સોના-ચાંદીના દાગીના પડાવી લેવામાં આવ્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. દાદાએ આપેલી ૧.૬૮ લાખની ફિક્સ ડિપોઝિટ અને સ્ત્રીધન આંચકી લીધા બાદ પણ સંતોષ ન થતાં, પરિણીતાને તેની દીકરી સાથે ઘરની બહાર હાંકી કાઢવામાં આવી હતી. આ મામલે ગાંધીનગર મહિલા પોલીસ મથકમાં પતિ, સાસુ અને નણંદ વિરૂદ્ધ ગુનો નોંધાયો છે.મળતી વિગતો અનુસાર, પીડિત પરિણીતાના લગ્ન વર્ષ ૨૦૧૩માં સામાજિક રીત-રિવાજ મુજબ અમદાવાદના નારણપુરા વિજયનગર ક્રોસિંગ પાસે આવેલા રિદ્ધિ વિનાયક ટાવરમાં રહેતા પંકજ શુક્લાના દીકરા શિરીન સાથે થયા હતા.

લગ્નના પ્રારંભિક સમય બાદ પરિણીતાના દાદાએ આપેલી ૧.૬૮ લાખની ફિક્સ ડિપોઝિટ સાસરિયાંઓએ દહેજ પેટે પડાવી લીધી હતી. લગ્નના માત્ર ત્રણ મહિના બાદ જ સાસુએ પતિ-પત્નીને સાથે સૂવા દેવાનું બંધ કરી દીધું હતું અને પરિણીતાને તેના પિયરમાં ફોન પર વાત કરવા પર પણ પાબંદી લગાવી દીધી હતી. ઘરમાં સાથે રહેતા વિધવા નણંદ પણ અવારનવાર મેણાં મારીને માનસિક ટોર્ચર કરતા અને કહેતા કે-તારું મોં જોવું ગમતું નથી, તને જોઉં ત્યારે સ્મશાનની યાદ આવે છે અને તું છોકરીના નામે કલંક છે. પરિણીતાને સાસરીમાં સન્માન આપવાને બદલે નોકરાણી જેવી સ્થિતિમાં રાખવામાં આવતી હતી. પરિણીતા જ્યારે અગાઉ નોકરી કરતી હતી ત્યારે સસરાએ લઈ આપેલું સ્કૂટી વાપરવા બાબતે પણ નણંદે ગાળો ભાંડી હતી.

આટલું જ નહીં, જ્યારે પરિણીતાના પિતા અને દાદીનું અવસાન થયું, ત્યારે પણ પતિએ તેને સાંત્વના આપવાને બદલે ઘરકંકાસ કરીને ઝઘડો કર્યો હતો. આ ત્રાસ વણથંભ્યો રહ્યો અને બે મહિના પહેલાં જ્યારે પરિણીતાએ પિયર જવા માટે પતિને પૂછ્યું, ત્યારે પતિ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે આજ દિન સુધી મને પૂછ્યું છે તે આજે પૂછે છે તેમ કહી ગાળો બોલી પરિણીતાને ઢોર માર માર્યો હતો. સાસરિયાંઓએ પરિણીતાના સોના-ચાંદીના દાગીના અને તમામ સ્ત્રીધન દહેજરૂપે બળજબરીથી પડાવી લીધું હતું અને તેને તેની દીકરી સાથે ઘરની બહાર હાંકી કાઢી હતી. અંતે કંટાળીને પરિણીતાએ ન્યાય મેળવવા માટે ગાંધીનગર મહિલા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે પીડિતાની ફરિયાદના આધારે તેના પતિ શિરીન શુક્લા, સાસુ અને નણંદ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

ગઠીયાઓ નજર ટાંપીને જ બેઠા હોય છે...જો તમારી નજર હટી તો સમજો દુર્ઘટના ઘટી

# નફાની લ્હાયમાં એક જ પરિવારના પાંચ છેતરાયા

## ખાનગી પેઢી ચલાવતાં ગઠીયાઓએ ખેડુત પરિવારને શિકાર બનાવ્યો: બીજી ઘટનામાં સસ્તામાં વિદેશી માલ લેવા જતાં વેપારી અને મિત્રને લાગ્યો અડધા કરોડનો ચુનો

રાજકોટ, તા. ૧૭

છેતરપીંડીની ઘટનાઓમાં રોજબરોજ નવા નવા કિસ્સા પોલીસ ચોપડે ચડતાં રહે છે. ગઠીયાઓ જુના નવા ગતકડાઓનો ઉપયોગ કરી લોકોના લાખો કરોડો ઉસેડી જવામાં સફળ રહે છે. વધુ બે ઠગાઇના કિસ્સા સામે આવ્યા છે જેમાં એક જ પરિવારના પાંચ સદસ્યોને ઓછો રોકાણ પર વધુ નફાની લાલચ આપી છેતરી લેવાયા હતાં. તો બીજા બનાવમાં સસ્તો માલ વિદેશથી મંગાવી આપવાના નામે સાડા અડતાલીસ લાખથી વધુની ઠગાઇ વેપારી અને તેના મિત્ર સાથે થઇ હતી.પ્રથમ ઘટના પર નજર કરીએ તો ઓઢવમાં રહેતા ખેડૂતને ખાનગી પેઢી ચલાવતા લોકોએ ઓછા રોકાણમાં વધુ નફાની લાલચ આપીને ટુકડે ટુકડે કુલ રૂ. ૫ લાખનું રોકાણ કરાવીને નફો કે મુડી પરત નહીં આપીને છેતરપિંડી આચરી હતી. આ મામલે ઘાટલોડિયામાં રહેતા પાંચ શખ્સો સામે ખેડૂતે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. ઓઢવમાં દિવ્યપ્રભા સોસાયટીમાં રહેતા પિસ્તાલીસ વર્ષીય દિનેશભાઈ રબારી ખેતીકામ અને પશુપાલનનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત વર્ષે અગીયારમી જૂનના રોજ દિનેશભાઈ




તેમના ઘરે હાજર હતા.

ત્યારે ઘાટલોડિયા જનતાનગરમાં રહેતા તેમના મિત્ર સુભાષભાઈ દેસાઈ તેમના ઘરે આવ્યા હતા. તેમણે દિનેશ ભાઈને કહ્યું કે, અમે બધા ભાઈઓ તથા દિકરા સુરત ખાતે વિસત કૃપા ફાઈનાન્સીયલ સર્વિસ નામથી પેઢી ધરાવીએ છીએ. અમારી પેઢીમાં રોકાણ કરશો તો સારો એવો બમણો નફો અમે આપીશું કહીને ખેડૂતને ઠગાઈની જાળમાં ફસાવ્યા હતા. બીજીતરફ સુભાષભાઈ તેના ભાઈઓ અને દિકરાઓને ખેડૂત પાસે લઈને આવ્યો અને ખેડૂત મિત્ર પાસેથી ટુકડે -ટુકડે કરીને કુલ રૂ.૫ લાખનુ રોકાણ પેઢીમાં કરાવ્યુ હતુ.

ત્યારબાદ એક વર્ષ વીતી ગયા બાદ પણ ખેડૂતે રોકેલા રૂપિયા પણ પાછા આપ્યા નહી અને વળતર કે બમણો નફો પણ નહી આપીને ઠગાઈ આચરી હતી. ત્યારબાદ ખેડૂતે સુભાષ વિસાભાઈ રબારી, નારણભાઈ વિસાભાઈ રબારી,અમિત વિસાભાઈ રબારી, ભાર્ગવ સુભાષભાઈ રબારી અને જય અમિતભાઈ રબારી વિરૂધ્ધ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો દૌર શરૂ કર્યો હતો. આમ રોકાણ પર નફો લેવા જતાં એક જ પરિવારના પાંચ પાંચ લોકોને ગઠીયાઓ છેતરી ગયા હતાં. બીજી ઠગાઇની ઘટના જોઇએ તો નિકોલમાં રહેતા વેપારી અને તેના મિત્ર સાથે ચાઈનાથી સસ્તા ભાવે કાચો માલ મંગાવી આપવાની લાલચ આપી રૂ.૪૮.૬૪ લાખ ખાઇ જવામાં આવ્યા હતાં. સુરતના અડાજણમાં રહેતા એક શખસે ઓનલાઈન જાહેરાત મારફતે વેપારીઓને જાળમાં ફસાવી મોટી રકમ વસૂલી લીધી હતી. માલ સપ્લાય કરવાની ખાતરી આપવા છતાં એક વર્ષે માલ અને રૂપિયા પરત ન કરતાં બાપુનગર પોલીસમાં ફરિયાદ દાખલ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.પોલીસ સુત્રોએ કહ્યું કે મુળ અમરેલીના અને હાલ નિકોલમાં રહેતા તેત્રીસ વર્ષીય રવિ ડોબરિયા મશીનના સ્ટ્રક્ચર અને સ્ટીલના સ્પેરપાટ્ર્સ બનાવે છે. સાતથી આઠ મહિના અગાઉ ઓનલાઈન જાહેરાતમાં વિવિધ પ્રોડક્ટ સીધા ચાઈનાથી આયાત કરી આપવાની ઓફર હતી. જાહેરાતના નંબર પર સંપર્ક કરતાં સુરતના અડાજણમાં રહેતા કૃણાલ ભોજક સાથે વાત કરતા તેણે ઓછી કિંમતે ચાઈનાથી માલ મંગાવવાની ખાતરી આપી હતી. કૃણાલની વાતોમાં વિશ્વાસ આવી જતા અમદાવાદમાં મુલાકાત યોજાઈ હતી અને અંદાજે રૂ.૪૮.૬૪ લાખનો માલ આયાત કરવાનો સોદો નક્કી થયો હતો. રવિ ડોબરિયા અને તેના મિત્રેં રૂ.૪૮.૬૪ લાખ કૃણાલ ભોજકને ચૂકવી આપ્યા હતા. આરોપીએ માલ સપ્લાય કર્યો ન હતો કે ચૂકવેલી રકમ પણ પરત કરી ન હતી.

---

બે ભાઇબંધો બે મહિના પહેલા બોચાલાલી થઇ એ એવી વકરી કે લોહીયાળ બની

# રિક્ષાચાલક યુવાનને તેના જ મિત્રએ મોતને ઘાટ ઉતાર્યો

## જુનો ખાર રાખી મિત્ર બીજા બે જણા સાથે મળી છરીથી તૂટી પડ્યો: પોલીસને બેને પકડ્યા, ત્રીજો ભાગી ગયો

રાજકોટ, તા. ૧૭

નહિ જેવી વાતે કે જુની નવી અદાવતને કારણે મારામારી, હત્યાની કોશિષ, હત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ એક કિસ્સામાં મિત્રતાના સંબંધો વેરવિખેર થયા છે અને લોહીથી ખરડાયા છે. જુની અદાવતનો ખાર રાખી એક યુવાનને તેના જ બે મિત્રોએ પતાવી દીધો હતો. પોલીસે આ હત્યામાં બે આરોપીઓને દબોચી લઇ તપાસ શરૂ કરી હતી. જ્યારે હજુ એક આરોપી ભાગી ગયો હોઇ તેને શોધવા પોલીસ દોડધામ કરી રહી છે.વિગતો પર નજર કરીએ તો અમદાવાદના બાપુનગર વિસ્તારમાં મિત્રતા દુશ્મનીમાં બદલાતા એક યુવકનો જીવ લીધો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના હીરાવાડી ચાર રસ્તા પાસે જૂની અદાવત રાખી મિત્રએ જ મિત્ર પર જીવલેણ હુમલો કરી હત્યા કરી નાખ્યાનો મામલો સામે આવ્યો છે. બેથી ત્રણ મહિના અગાઉ થયેલા ઝઘડાનો આખરે લોહિયાળ અંત આવ્યો છે. હુમલા બાદ આરોપીઓ વતન તરફ ભાગી ગયા હતા, જોકે પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી હજુ ફરાર હોવાનું સામે આવ્યું હતું.

વધુ માહિતી અનુસાર અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આવેલા હીરાવાડી ત્રણ રસ્તા પાસે શિવશક્તિ મંદિર નજીક મોડીરાત્રે એક યુવકની ઘાતકી હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ શુભમ ઉર્ફે છોટુ રામઅચલ કોરી તરીકે થઈ હતી. જે મહાવીરનગર વિસ્તારમાં રહેતો હતો અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. શુભમ




અને મુખ્ય આરોપી વિજય ઉર્ફે શાલુ રાજપૂત અગાઉ ગાઢ મિત્રો હતા અને બંને સાથે રિક્ષા ચલાવતા અને સાથે ઉઠતા-બેસતા હતા. પરંતુ અંદાજે બે થી ત્રણ મહિના અગાઉ કોઈ બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો.

આ ઝઘડો એટલો ગંભીર બન્યો કે મિત્રતા દુશ્મનીમાં બદલાઈ ગઈ ગઇ હતી. દરમિયાન દસમીની રાત્રે શુભમ હીરાવાડી ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આરોપી વિજય રાજપૂત, સુરેન્દ્ર ચૌહાણ અને આકાશ રાઠોડે તેને આંતરી લીધો હતો. જૂની અદાવતને લઈને બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ શુભમ પર છરી અને લાકડાના ડંડા વડે હુમલો કર્યો હતો. શુભમને ગળા, પેટ અને શરીરના અન્ય ભાગોમાં છરીના ઘા તેમજ ડંડાનો માર મારવામાં આવ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સ્થાનિકો દ્વારા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટના બાદ ત્રણેય આરોપીઓ વતન તરફ ભાગી ગયા હતા. જોકે, બાપુનગર પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ચોક્કસ બાતમીના આધારે બે આરોપીમાં વિજય ઉર્ફે શાલુ શ્યામવીર રાજપૂત અને સુરેન્દ્ર ઉર્ફે ચૌહાણની પોલીસે ધરપકડ કરી લીધી હતી. જ્યારે ફરાર આકાશ રાઠોડની શોધખોળ ચાલુ છે. સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આમ નહિ જેવી એટલે કે જુની અદાવત-જુની બોલાચાલીનો ખાર રાખી યુવાનને તેના જ મિત્રોએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. ક્રોધની આગમાં તપતો માણસ ઘણીવાર ગંભીર ગુના આચરી લેતો હોય છે. આ કિસ્સામાં પણ ક્રોધની કાળઝાળ શખ્સે પોતાના જ મિત્રનો જીવ લઇ લીધો હતો.

---

સ્નેહ, સમર્પણ, ત્યાગ, વફાદારી ખતમ થાય એટલે પરિણામ ખોફનાક આવે

# ઓય કહ્યું એમાં લોથ ઢળી, સત્તર વર્ષે આરોપી પકડાયો

## આડાસંબંધામં આડો આવતો હતો એટલે ભરઉંઘમાં બીજા માળેથી ફેંકી દીધો: બચી ગયો તો બ્લેડથી ગળુ કાપી નાંખ્યું: બંનેને પોલીસે દબોચ્યો

રાજકોટ, તા. ૧૭

પતિ-પત્નિ વચ્ચેના સંબંધો એકબીજા પરતા પરસ્પર વિશ્વાસ, સ્નેહ, સમર્પણ અને ત્યાગના પાયાઓ પર ટકેલા હોય છે. અહિ બેવફાઇ-દગાખોરી ડગલા માંડે તો તેનું ખુબ માઠુ પરિણામ આવતું હોય છે. અગાઉ પણ આડાસંબંધોને કારણે પતિ દ્વારા પત્નિની કે પત્નિ દ્વારા પ્રેમીનો સાથ લઇ પતિની હત્યા કરવામાં આવ્યાની અનેક ઘટનાઓ બની ગઇ છે. આવી જ એક સંબંધોને શર્મસાર કરતી વધુ ઘટના સામે આવી છે જેમાં પત્નિએ પ્રેમી સાથે મળીને પતિને ઉંઘમાં જ પતાવી દેવાનો ખોફનાક પ્લાન ઘડ્યો હતો. પ્લાન મુજબ તેને બીજા માળેથી નીચે ફેંક્યો હતો, પણ તે બચી જતાં તેનું બ્લેડથી ગળુ કાપી નાંખ્યું હતું!

ચોંકાવતનારી હત્યાની આ ઘટના પર નજર કરીએ તો સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. વેડરોડ પર આવેલી રહેમતનગર સોસાયટીમાં એક પત્નિએ તેના પ્રેમી સાથે મળીને પતિની ઘાતકી હત્યા કરી નાખી હોવાનો પર્દાફાશ થયો છે. દારૂડિયા અને ઝઘડાળુ પતિથી કંટાળેલી પત્નીએ પ્રેમી સાથે આઝાદ થઈને લગ્ન કરવા માટે આ ખોફનાક ખેલ ખેલ્યો હતો. પહેલા પતિને ઘમાં જ બિલ્ડિંગના બીજા માળેથી નીચે ફેંકી દીધો અને જ્યારે તે નીચે તરફડિયાં મારતો હતો ત્યારે પ્રેમીએ બ્લેડથી ગળું કાપી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે પત્નિ અને તેના પ્રેમીને ઝડપી લઇ બંનેની વિશેષ પુછપરછ હાથ ધરી હતી.

આ ઘટનાની પોલીસે જણાવેલી માહિતી અનુસાર મૃતક જન્મજયકુમાર તીર્થ રાય બેતાલીસ વર્ષનો હતો અને મુળ ઝારખંડનો વતની હતો. ડરોડ પંડોળની રહેમતનગર સોસાયટીમાં પત્નિ ચાંદનીકુમારી સાથે રહેતો હતો. અગાઉના



લગ્નની વાત છુપાવવા બાબતે અને કમાણીના પૈસા ઘરમાં ન આપવા મુદ્દે પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા અને મારપીટ થતી હતી. આ દરમિયાન ચાંદનીકુમારીને અગાઉ ફુલવાડી વિસ્તારમાં સામે રહેતા શુલભસિંહ બહાદુરસિંહ બંમ કે જે મુળ યુપીનો વતની છે તેની સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પતિથી કંટાળેલી ચાંદનીએ પ્રેમી શુલભસિંહ સાથે મળીને છેલ્લા છ મહિનાથી પતિને રસ્તામાંથી હટાવવાનો પ્લાન ઘડ્યો હતો.

તાજેતરમાં પણ પતિ-પત્નિ વચ્ચે ઝઘડો થયો હતો, જેથી ચાંદનીએ તે જ રાત્રે પતિને પતાવી દેવાનું નક્કી કરી લીધું હતું. રાત્રે આઠ વાગ્યે પતિ ઘરે આવીને સૂઈ ગયો ત્યારે ચાંદની જાગતી રહી અને પતિ ઘસઘસાટ ઘી જતાં મોડી રાત્રે એક વાગ્યે પ્રેમી શુલભસિંહને ફોન કરીને બોલાવ્યો હતો. દસ મિનિટમાં જ પ્રેમી તેના રૂમ પર આવી પહોંચ્યો હતો. બંનેએ ઘી રહેલા જન્મજયકુમારને ચકીને ગેલેરીમાંથી સીધો જ બિલ્ડિંગના બીજા માળેથી નીચે રોડ પર ફેંકી દીધો હતો. પતિને નીચે ફેંક્યાના વીસ મિનિટ પછી ચાંદનીએ ગેલેરીમાંથી નીચે જોયું તો જન્મજયકુમાર મર્યો ન હતો પરંતુ જોરજોરથી શ્વાસ લઈ રહ્યો હતો. જો તે જીવી જાય તો પોતે ફસાઈ જશે તેવા ડરથી ચાંદનીએ દોડીને પ્રેમી શુલભસિંહને ફરી જાણ કરી હતી.

આથી શુલભસિંહે તું ચિંતા ન કર, હું તેને પતાવી દઉં છું. તેમ કહી, દોરા કટીંગ કરવાની તીક્ષ્ણ બ્લેડ હાથમાં લીધી હતી અને નીચે જઈને તરફડિયાં મારી રહેલા જન્મજયકુમારના ગળાના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા. ગળું કપાઈ જતાં અત્યંત રક્તસ્ત્રાવ અને મગજમાં લોહી જામી જવાને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા બાદ શાતિર પત્નિએ પોલીસને ગુમરાહ કરવા માટે એવી વાર્તા ઘડી હતી કે તેનો પતિ અગમ્ય કારણોસર બીજા માળેથી નીચે પડી જતાં મોતને ભેટ્યો છે. શરૂઆતમાં ચોકબજાર પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા હોવાનું અને વધુ પડતા રક્તસ્ત્રાવથી મોત થયું હોવાનું સામે આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. ચોકબજાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.આર. તિવારી અને પોલીસ ઈન્સ. એસ.ડી. રાતડાની ટીમે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસતા એક શંકાસ્પદ શખ્સની હિલચાલ નજરે પડી હતી. આ ફૂટેજના આધારે પોલીસે મૃતકની પત્નિ ચાંદનીકુમારીને વિશ્વાસમાં લઈને આગવી ઢબે પૂછપરછ શરૂ કરતા તે ભાંગી પડી હતી અને પોતાના પ્રેમી શુલભસિંહ સાથે મળીને આચરેલા આ ભયાનક હત્યાકાંડની કબૂલાત કરી લીધી હતી. પોલીસે ફરિયાદના આધારે બંને આરોપીઓ વિરૂદ્ધ ગુનાહિત કાવતરું અને હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી બંનેને ઝડપી લઇ વિશેષ કાર્યવાહી કરી હતી.

જિંદગીની સફરનો અચાનક અંત આવી જવાની ચાર કરૂણ ઘટનાઓથી અરેરાટી

# વીસ વર્ષના યુવાનનુ અકસ્માતમાં મોત

## બીલ્ટી આપવા નીકળ્યો અને ડમ્પર કાળ બન્યુંઃ પાંત્રીસ વર્ષનો યુવાન નશામાં ભુલથી ઝેર પી ગયો ને શ્વાસ થંભી ગયાઃ એક વૃધ્ધ ગુમ થયા પછી વોંકળામાંથી મળ્યો મૃતદેહઃ એક વૃધ્ધની જિંદગી ફૂટપાથ પર થઇ ગઇ ખતમ

રાજકોટ, તા. ૧૭

અપમૃત્યુની કરૂણ ઘટનાનો સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ ચાર પરિવારોએ અલગ અલગ કારણોસર પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દીધા હતાં. જેમાં એક યુવાનનું વાહન અકસ્માતનમાં મૃત્યુ થયું હતું. તો એક યુવાને દારૂના નશામાં ભુલથી ઝેરી દવા પી લેતાં તેનો જીવ નીકળી ગયો હતો. એક વૃધ્ધ ગૂમ થયા બાદ વોંકળામાંથી કોહવાયેલો મૃતદેહ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. એક અજાણ્યા વૃધ્ધનું રોડ સાઇડ ફુટપાથ પર બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો વીસ વર્ષના એક યુવાન માટે વાહન અકસ્માત જીવલેણ સાબીત થયો હતો. કંડલા નજીક રહેતો અને ટ્રાન્સપોર્ટની ઓફિસમાં કામ કરતો મુળ રાજસ્થાનનો યુવાન ટીંબડી પાટીયા નજીક ટ્રક ચાલકને બીલ્ટી આપવા જતો હતો ત્યારે બાઇક સહિત ડમ્પરની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. કંડલાના ટીંબડી પાટીયા પાસે આવેલી ટ્રાન્સપોર્ટ ઓફિસમાં કામ કરતો અને ત્યાં જ રહેતો મુળ રાજસથાના અજમેર પાસેના કિશનગઢનો વતની વીસ વર્ષનો ભાનુપ્રસાદ ગણેશભાઇ યાદવ સોળમીએ ઓફિસેથી કંડલા હાઇવે ટીંબડી પાટીયા નજીક મોટરસાઇકલ હંકારી એક ટ્રકચાલકને બીલ્ટી આપવા જવા નીકળ્યો હતો.

તે વખતે રસ્તામાં હનુમાનજીના મંદિર નજીક ડમ્પરની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં કંડલા સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પરંતુ અહિ સારવાર દરમિયાન ગત સાંજે તેનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર ભાનુપ્રસાદ બે ભાઇ અને એક બહેનમાં નાનો તથા કુંવારો હતો. તે ગાડીઓના ડ્રાઇવરોને બીલ્ટી-કાગળો પહોંચાડવાનું કામ કરતો હતો. હોસ્પિટલ મારફત જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે કાગળો કરી કંડલા પોલીસને મોકલ્યા હતાં.

બીજી કરૂણ ઘટના જોઇએ તો કચ્છના સામખીયાળી પાસે આધોઇ ગામે રહેતાં યુવાને વાડીએ ઝેરી દવા પી લેતાં વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. દારૂના નશામાં તેણે રૂમમાં જઇ ભુલથી ઝેરી દવા પી લીધાનું સગાએ જણાવ્યું હતું. વધુ માહિતી અનુસાર આધોઇ ગામે વાડી વિસ્તારમાં રહેતો પાંત્રીસ વર્ષનો જેસંગભાઇ અજુભાઇ વાઘેલા વાડીએ ઝેરી દવા પી જતાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ.



પરંતુ અહિ ગત મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ સામખીયાળી પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર જેસંગભાઇ વાઘેલા ત્રણ ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તે ખેત મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. સગાના કહેવા મુજબ દારૂના નશામાં ભુલથી ઝેરી દવા પી લીધાની શક્યતા છે. સામખીયાળી પોલીસે ખરેખર શું બન્યું? તે જાણવા તપાસ યથાવત રાખી હતી.

ત્રીજી કરૂણ ઘટનામાં કોટડાસાંગાણીમાં આવેલી કંપનીની ઓરડીમાં પરિવાર સાથે રહેતાં મુળ બિહારના વૃધ્ધ ચાર દિવસ પહેલા ગૂમ થઇ જતાં પરિવારજનો દ્વારા શોધખોળ થઇ રહી હતી. દરમિયાન આ વૃધ્ધની કોહવાયેલી લાશ કંપનીની પાછળના ભાગે આવેલા વોંકળામાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ કોટડાસાંગાણીમાં આવેલી ડોમીનીયર મેટટેક કંપની પાસે ઓરડીમાં રહેતાં મુળ બિહારના પાંસઠ વર્ષના શત્રુઘ્નભાઇ તોમલભાઇ બીન નામના વૃધ્ધ ચાર દિવસ પહેલા ઓરડીએથી નીકળ્યા બાદ ગાયબ થઇ જતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન ગઇકાલે આ વૃધ્ધની લાશ કંપનીની પાછળના ભાગે આવેલા વોંકળામાંથી મળી આવતાં પોલીસ દોડી ગઇ હતી. લાશ કોહવાઇ ગઇ હોઇ જરૂરી કાર્યવાહી બાદ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાઇ હતી. અહિ તેમનું મોત હાર્ટએટેકથી થયાનો રિપોર્ટ આવ્યો હતો. મૃત્યુ પામનાર વૃધ્ધ હાલ નિવૃત જીવન જીવતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરા છે જે કંપનીમાં કામ કરે છે. પોતે ત્રણ દિવસ પહેલા ઘરેથી નીકળ્યા બાદ ગાયબ થઇ ગયા હતાં. વોંકળા તરફ ગયા ત્યારે કદાચ તડકામાં ચક્કર આવતાં કે હાર્ટએટેક આવતાં પડી ગયા બાદ ત્યાં જ લાશ પડી રહી હોઇ કોહવાઇ ગઇ હોવાનું તારણ નીકળ્યું હતું. બનાવથી પરપ્રાંતિય મજુર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

ચોથી ઘટનામાં કાલાવડ રોડ રામ ઔર શ્યામ ગોલા નજીક કણસાગરા કોલેજના ગેઇટ પાસે એક અજાણ્યા આશરે ૬૫ વર્ષના વૃધ્ધ ચૌદમીના સાંજે સવ છએક વાગ્યે બેભાન હાલતમાં મળતાં ૧૦૮ના ડો. ધ્રુવા ઠક્કરે મૃત જાહેર કર્યા હતાં. ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આ વૃધ્ધે ચેક્સવાળો બ્રાઉન શર્ટ અને કોફી રંગનું પેન્ટ પહેરેલા છે. નાક પરજુની ઇજાનું નિશાન છે. ઓળખ થાય તેવી બીજી કોઇ ચીજવસ્તુ મળી નથી. તસ્વીરમાં દેખાતા મૃતકના સગા સંબંધી વાલીવારસ હોય તો ગાંધીગ્રામ પોલીસનો મો. ૬૩૫૯૬ ૨૭૩૮૧ અથવા પોલીસ કન્ટ્રોલ રૂમ ૦૨૮૧ ૨૪૫૭૭૭૭ ઉપર સંપર્ક કરવા જણાવાયુ હતું. આ અંગેની વધુ તપાસ પી.એસઆઇ એ. બી. ચાવડા કરી રહ્યા છે. આમ ચાર ઘટનાઓમાં અપમૃત્યુ થયા હતાં. એક વૃધ્ધના સગા સંબંધી પણ પોલીસને મળ્યા નહોતાં.

કીડની હોસ્પિટલ પાસે સરકારી ક્વાર્ટર કોલોનીમાં બે બંધ મકાનમાંથી રોકડ-દાગીના ચોરાયા

# બે કેન્દ્રીય કર્મચારીના મકાનમાં ચોરી

## સરકારી કર્મચારી વતન ગયા અને રેઢા મકાનમા ચોર મહેમાન થયાઃ પાડોશીના ઘરમાંથી પણ કરી ગયા હાથફેરો

રાજકોટ, તા. ૧૭

શહેરમાં તસ્કરોએ તરખાટ મચાવવાનું યથાવત રાખ્યું હતું. યુનિવર્સિટી રોડ કીડની હોસ્પિટલ નજીક આવેલા સરકારી ક્વાર્ટર કોલોનીમાં બે બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ દાગીના મળી પોણા ત્રણ લાખની માલમત્તા ચોરી જતાં તપાસ શરૂ થઇ હતી. અવાર-નવાર તસ્કરો બંધ મકાનમાં ત્રાટકીને પોલીસને પડકાર ફેંકી જતાં હોય છે. ઘણીવાર તો મકાન માલિકને ઉંઘતા રાખી તેમની ઉંઘમાં ખલેલ પાડ્યા વગર પણ તસ્કરીયાઓ પડકાર ફેંકી જતાં હોય છે. આવી જ આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસ, એલસીબી ઝોન-૨ પોલીસ અને ક્રાઇમ બ્રાંચે ચોરીનો ભેદ ઉકેલવા મહેનત હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી રોડ પર કિડની હોસ્પિટલ પાસે આવેલા બે સરકારી ક્વાર્ટરમાં ત્રાટકી તસ્કરો પણા ત્રણ લાખથી વધુની માલમત્તા ચોરી જતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ પાસે સરકારી ક્વાર્ટર કોલોની નં. ૪૪ બ્લોક નં. ૫માં રહેતાં સરકારી નોકરીયાત સાડત્રીસ વર્ષના યોગેશભાઇ બાબુરાવ કંધારકરની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધ્યો હતો. તેમનું મકાન બંધ હોઇ તસ્કરો તાળા તોડી ત્રાટક્યા હતાં અને રોકડ-દાગીના મળી રૂપિયા બે લાખ પંચ્યાસી હાજરની માલમત્તા ચોરી ગયા હતા. યોગેશભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ તેરમીએ રાત્રે અગીયારેક વાગ્યે પરિવાર સાથે વતન મહારાષ્ટ્રના સાવરગામ જવા માટે ટ્રેન મારફતે નીકળ્યા હતા.



આ દરમિયાન પંદરમીએ રોજ સવારે સાડા દસેક વાગ્યે તેમની ઓફિસના સિનિયર નીલકંઠ જોશીએ ફોન કરીને જાણ કરી હતી કે, તમારા સરકારી ક્વાર્ટરના મેઈન દરવાજાનું તાળું તુટેલું છે અને ચોરી થઈ છે. આથી યોગેશભાઈ ગઇકાલે સોળમીએ સવારે વતનથી પરત આવ્યા ત્યારે ઘરનો સામાન અસ્તવ્યસ્ત હતો અને બેડરૂમની તિજોરી ખુલ્લી જણાઈ હતી. તસ્કરોએ યોગેશભાઈના ક્વાર્ટર ઉપરાંત પડોશમાં આવેલા અન્ય એક સરકારી ક્વાર્ટરને પણ નિશાન બનાવ્યું હતું. યોગેશભાઇના બ્લોકમાં તિજોરીના ખાનામાંથી સોનાનું મંગળસૂત્ર, કાનની બુટ્ટી તથા સોનાની વીંટી મળી કુલ ૨૦ ગ્રામ સોનું કમત આશરે રૂ. ૧,૨૦,૦૦૦ અને ૨૫ ગ્રામ ચાંદીની પાયલ કિંમત આશરે રૂ. ૫,૦૦ની ચોરી થઈ હતી.

તસ્કરોએ યોગેશભાઇન પાડોશી અભીલેન્દ્રસિંહ જયસિંહનું ક્વાર્ટર બ્લોક નં. ૦૩, ક્વાર્ટર નં. ૨૦ પણ બંધ હોઇ તેમાં પણ તાળા તોડી હાથફેરો કર્યાનું ખુલ્યું હતું. આ ક્વાર્ટરમાંથી તસ્કરો તાળા તોડી બેડ રૂમની લોખંડતી તિજોરીમાંથી સોનાની રીંગ ૩ ગ્રામ કિંમત આશરે રૂ. ૧૩,૦૦૦, ચાંદીની પાયલ ૧૫ ગ્રામ કિંમત આશરે રૂ. ૨,૦૦૦ તથા રોકડા રૂ. ૨૫,૦૦૦ની ચોરી કરી ગયા હતાં. આમ બંને ક્વાર્ટરમાંથી તસ્કરો ૨૩ ગ્રામ સોનું કિંમત રૂ. ૧,૩૩,૦૦૦, ૪૦ ગ્રામ ચાંદી કિંમત રૂ. ૭,૦૦૦ અને રોકડા રૂ. ૨૫,૦૦૦ મળી કુલ રૂ. ૨,૮૫,૦૦૦નો મુદ્દામાલ ચોરી ગયા હતાં. આ અંગે એએસઆઇ જે. આઇ. ઝાલાએ ગુનો દાખલ કરતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

અમુક જાહેરનામા પ્રજાની જ સુરક્ષા માટે છે છતાં લોકો રહે છે ઉદાસીન

# પોલીસ કમિશનરના જાહેરનામાઓનો ભંગ કરનારા દસ લોકો સામે ગુનો

## હોટેલ, ગેસ્ટહાઉસ, કારખનાઓમાં ખાસ ડ્રાઇવ યોજી પરપ્રાંતિય કર્મચારીઓની નોંધ ન કરાવાઇ હોઇ, મકાન ભાડુઆતની પોલીસને જાણ ન કરાઇ હોઇ તેની સામે કાર્યવાહી થઇ

રાજકોટ, તા. ૧૭

બહારના પ્રાંતના લોકો રાજકોટમાં મજુરી કરવા નોકરી કરવા આવે ત્યારે આમાંથી કોઇ ગુનાહિત માનસિકતા ધરાવતાં હોય અને ગુનો આચરી ભાગી જાય તો તેને સરળતાથી શોધી શકાય એ માટે થઇને પોલીસ કમિશનર દ્વારા કેટલાક જાહેરનામા બહાર પડાયા છે.

જે અંતર્ગત હોટેલો ગેસ્ટહાઉસમાં ઉતરતાં મહેમાનોની નોંધ કરી પોલીસને જાણ કરવી, પરપ્રાંતિયઓને નોકરીમાં કામે રાખવામાં આવે તો તેની જાણ કરવી, મકાન ભાડે અપાય તો તેની પણ પોલીસને જાણ કરવાની હોય છે. જો કે આમ છતાં અમુક લોકો આ નિયમનો ભંગ કરતાં હોય છે.

આવા વધુ દસ લોકોને એક ખાસ ડ્રાઇવમાં પોલીસે શોધી કાઢી કાર્યવાહી કરી હતી.વિગતો અનુસાર યાજ્ઞિક રોડ પર આવેલા રાજેશકુમાર ચંદુલાલ હિન્ડોચાના સદગુરૂ ખમણ હાઉસમાં એ-ડિવીઝન પોલીસે તપાસ કરતા ત્યાં કામ કરતા પરપ્રાંતીય કર્મચારીની સીટીઝન પોર્ટલ કે સીટીઝન એપ પર નોંધણી નહિ કરાવી જાહેરનામાંનો ભંગ કર્યો હોવાનું ખુલતાં ગુનો દાખલ કરાયો હતો. તેમજ સર્વેશ્વર ચોક યાજ્ઞિક રોડ પર આવેલા જય ભવાની વડા પાઉના માલિક અભય કિશોરભાઈ જોશીને તેને ત્યાં કામ કરતા કર્મચારીની સીટીઝન પોર્ટલ પર નોંધણી નહિ કરાવી જાહેરનામાંનો ભંગ કર્યાનું ખુલતાં કાર્યવાહી થઇ હતી.યાજ્ઞિક રોડે આવેલા બોમ્બે સ્ટાઈલ ભેળવાળાને ત્યાં એ-ડિવીઝન પોલીસે તપાસ કરતાં પરપ્રાંતિય કર્મચારીની નોંધ પોલીસને કરી ન હોઇ ગુનો દાખલ કરાયો હતો. તેમજ બસ સ્ટેશન પાછળના એલીગન્સ સ્પામાં થેરાપીસ્ટ તરીકે કામ કરતાં પરપ્રાંતિય કર્મચારીની નોંધ ન કરાવાઇ હોઇ એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. ઉપરાંત કિશાનપરા ચોકમાં આવેલા ત્રિવેણી સંગમ કોમ્પ્લેક્ષમાં સ્પાના સંચાલક નીતિન કરશનભાઈ દેવળિયા સામે પણ જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો હતો. આ કોમ્પ્લેક્ષમાં બીજા માળે આવેલી આદેશ હોટલના સંચાલ દિનેશ વાલજીભાઈ મકવાણાએ મુસાફરો બાબતેની નોંધ પથિક સોટવેરમાં નહિ કરી જાહેરનામનો ભંગ કરતાં, યાજ્ઞિક રોડે આવેલા ઈમ્પીરીયા સ્પાના સંચાલક તેજસ રાવતભાઈ ડેર સામે પણ જાહેરનામાં ભંગનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

તેણે થેરાપીસ્ટ તરીકે નોકરી કરતી છોકરીઓનું રજીસ્ટ્રેશન કે નોંધણી કરાવેલ નહોતી. સદરબજાર મેઈન રોડ પર વિનોદ બેકરી બિસ્મિલ્લાહ નોનવેજ રેસ્તોરેન્ટના સંચાલક હસનાની મહમદઅનવર જીકરભાઈએ પરપ્રાંતીય કર્મચારીને કામે રાખી તેનું સીટીઝન પોર્ટલ પર રજીસ્ટ્રેશન નહિ કરાવતાં ગુનો નોંધાયો હતો.તેમજ સદર બજારમાં બાબજી ગ્રીન કિચન નોનવેજના સંચાલક જોહેર મકસુદભાઈ ભારમલે દુકાનમાં પરપ્રાંતીય માણસોને કામે રાખી નજીકના પોલીસ મથકમાં નોંધણી ન કરાવતાં કાર્યવાહી થઇ હતી. કોઠારિયા સાલવન્ટમાં નારાયણ નગરમાં રહેતા મૌલિકભાઈ વિજયભાઈ પંડ્યાએ મકાન ભાડે આપી તેની નજીકના પોલીસ મથકમાં નોંધણી નહી કરાવતાં ગુનો દાખલ કરાયો હતો. આમ પોલીસ કમિશનરના જાહેરનામાના દસ ગુના દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

વ્યાજંકવાદની ચોંકાવનારી ઘટનાઃ દિકરીની દિકરીના સગાઇ પ્રસંગ માટે વ્યાજે લીધેલા સવા લાખ સામે અઢી લાખ દીધા તો'ય ઘરો ન થયો

# વૃધ્ધને વ્યાજખોર પાડોશણને કારણે થવું પડ્યું મરવા મજબૂર

## શરૂઆતમાં દસ ટકા પછી વીસ ટકા લેખે વસુલાત કરીઃ પત્નિની બિમારીને લીધે વ્યાજ ચુકવવાનું બંધ કરતાં મહિલા છેલ્લી પાટલીએ બેસી ગઇઃ ત્રાસી હારી વૃધ્ધે ઝેર પી જિંદગી ટુંકાવીઃ બી-ડિવીઝન પોલીસની વ્યાજખોર મહિલા સામે કાર્યવાહી

રાજકોટ, તા. ૧૭

વ્યાજના દુષણને ડામવાના પોલીસ પ્રસાશનના પ્રયાસો વચ્ચે વ્યાજખોરીની એવી એક ઘટના સામે આવી છે જેમાં એક પરિવારના વયોવૃધ્ધ સદસ્યને પોતાનો જીવ આપી દેવા મજબુર થવું પડ્યું છે. પોતાની દિકરીની દિકરીની સગાઇના પ્રસંગ માટે મહાનગર પાલિકાના નિવૃત સફાઇ કામદાર વૃધ્ધે પાડોશમાં રહેતી મહિલા પાસેથી ચાર વર્ષ પહેલા એક લાઅ વીસ હજાર લીધા હતાં. શરૂઆતમાં દસ ટકા વ્યાજ વસુલી બાદમાં હવે પોષાય તેમ નથી કહી વીસ ટકા વ્યાજ કરી નાંખી તેની પણ વસુલાત કરી હતી. આ રીતે કુલ અઢી લાખ જેવી રકમ વ્યાજ પેટે વસુલી લીધા બાદ પણ આ પાડોશણ ધરાઇ નહોતી અને વધુ ને વધુ વ્યાજ, મુડીની માંગણી ચાલુ રાખી વકિલ મારફત નોટીસ મોકલાવી વૃધ્ધના દિકરાને કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. અંતે કંટાળેલા આ વૃધ્ધે ઝેર પી જીવ આપી દીધો હતો.

શહેરના સામા કાંઠાના પેડક રોડ પર આવેલા આવાસ ક્વાર્ટરની આ કરૂણ ઘટના છે. વિગતો જોઇએ તો શહેરમાં મ્યુ. કોર્પોરેશનના નિવૃત કર્મચારી વૃધ્ધે વ્યાજખોરીમાં ફસાઇ જતાં ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. સામા કાંઠે પેડક રોડ ક્વાર્ટરમાં રહેતાં મોહનભાઇ કરસનભાઇ વાઘેલા નામના સઠસઠ વર્ષના વૃધ્ધ ઝેર પી લેતાં સારવાર દરમિયાન મોડી રાતે દમ તોડી દીધો હતો. પાડોશમાં રહેતી એક મહિલાએ તેમને વ્યાજની ઉઘરાણી માટે ધાકધમકીઓ આપી હોઇ તેના કારણે પગલુ ભર્યાનું ખુલતાં પોલીસે મહિલા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. પેડક રોડ આવાસ યોજના ક્વાર્ટર ક્યુ વીંગ બ્લોક નં. ૧૫માં રહેતાં મોહનભાઇ વાઘેલાએ ગઇકાલે સવારે ઘરે ઝેરી પાવડર પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

બી-ડિવીઝન પોલીસે તુરત હોસ્પિટલે પહોંચી મોહનભાઇ વાઘેલાની ફરિયાદ નોંધી હતી. મોહનભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે તેઓ પરિવાર સાથે રહે છે. સંતાનમાં ચાર દિકરી અને એક દિકરો છે. પોતે મ્યુ. કોર્પોરેશનના સફાઇ કામદાર તરીકે નિવૃત થઇ ગયા હતાં



અને પત્નિ મનુબેન હાલ નોકરી કરે છે. પોલીસે તેમની ફરિયાદ પરથી નજીકના ક્વાર્ટરમાં જ રહેતી દીનાબેન સંજયભાઇ ખીમસુરીયા સામે વ્યાજખોરીનો ગુનો દાખલ કર્યો હતો. જો કે ગુનો દાખલ થઇ ગયા બાદ રાતે મોહનભાઈનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મોહનભાઈએ ફરિયાદમાં નોંધાવેલી વિગતો મુજબ આશરે ચાર વર્ષ પહેલાં તેમની દીકરી અનિતાની દીકરી નંદનીની સગાઈ વખતે તેમના પત્નિ મનુબેને પડોશમાં બ્લોક નં. એનમાં રહેતી દીનાબેન સંજયભાઈ ભીમસુરીયા પાસેથી રૂ. ૧,૨૦,૦૦૦ વ્યાજે લીધા હતા.

તે સમયે મોહનભાઈના દીકરા ભીખાભાઈના નાગરિક બેંકના એકાઉન્ટના બે કોરા ચેક સહી કરાવીને દીનાબેને લઈ લીધા હતા. શરૂઆતમાં દીનાબેને ૧૦ ટકા વ્યાજ નક્કી કર્યું હતું, જેથી મોહનભાઈ દર મહિને રૂ. ૧૨,૫૦૦ વ્યાજ પેટે રોકડા ચુકવતા હતા. તેમણે મહિના સુધી આ વ્યાજ આપ્યા બાદ દીનાબેને વ્યાજનો દર વધારીને ૨૦ ટકા કરી નાખ્યો અને દર મહિને રૂ. ૨૨,૦૦૦ વ્યાજ વસૂલવાનું શરૂ કર્યુ હતું. મોહનભાઈએ આ આકરા વ્યાજની રકમ પણ દોઢ વર્ષ સુધી ચુકવી હતી. પરંતુ ત્યારબાદ તેમના પત્નિને બ્લડપ્રેશરની બીમારી થતાં સારવાર પાછળ મોટો ખર્ચ થવા લાગ્યો, જેથી તેઓ વ્યાજ ચુકવી શક્યા નહોતા. વ્યાજ ન ચુકવાતા દીનાબેને મોહનભાઈના પત્નિના નામે રૂ. ૫૦,૦૦૦ની બે લોન કરાવી કુલ રૂ. ૧,૦૦,૦૦૦ પોતાની પાસે રાખી લીધા હતાં.

ત્યારે તેણીએ કહ્યું કે આ બધી રકમ વ્યાજમાં જમા થઈ ગઈ છે, હજુ મૂડી બાકી છે. આ ઉપરાંત આશરે આઠેક મહિના પહેલાં દીનાબેન ખીમસુરીયા ફરિયાદી-મૃત્યુ પામનાર મોહનભાઈને એસબીઆઈ બેંકની ત્રિકોણબાગ શાખાએ લઈ ગયા હતા અને તેમના પેન્શન એકાઉન્ટમાંથી રોકડા રૂ. ૭૫,૦૦૦ ઉપડાવીને તે પણ પડાવી લીધા હતા. આમ ૧.૨૦ લાખની સામેદીનાબેને રૂપિયા ૨.૪૫ લાખથી વધુની રકમ પડાવી લીધી હતી. આ બધી રકમ ચૂકવ્યા બાદ મોહનભાઈએ વ્યાજ આપવાનું બંધ કરી દેતાં આશરે ૧૦ દિવસ પહેલાં દીનાબેને વકીલ મારફતે નોટિસ મોકલાવી હતી.

આથી મોહનભાઈ અને તેમના પત્નિ દીનાબેનના ઘરે વાત કરવા ગયા ત્યારે દીનાબેને ઉગ્ર બનીને ધમકી આપી હતી કે-તમારે મારા રૂપિયા આપવા જ પડશે, નહિતર હું તમારા દીકરાને ખોટા કેસમાં ફસાવી દઈશ. આવી ધમકીને કારણે અને દિકરાને કેસમાં ફસાવી દેવામાં આવશે તેવું લાગતાં કંટાળી ગયેલા વૃદ્ધ મોહનભાઈએ ગઇકાલે સવારે આશરે સાડા સાત વાગ્યે પોતાના બ્લોકની અગાશી પર જઈને ઘઉંમાં નાખવાની દવાની દોઢેક પડીકી પાણીમાં ઓગાળીને પી લીધી હતી. દવા પીધા બાદ તેમને ઉલટીઓ થવા લાગતા પરિવારજનો અને આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તે સારવારમાં હતાં ત્યારે તેમની જ ફરિયાદ પરથી બી-ડિવીઝન પોલીસ ઈન્સપેકટર જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. આર. સોલંકીએ દીનાબેન સામે મનીલેન્ડ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. સારવાર દરમિયાન મોહનભાઇએ દમ તોડી દેતાં હવે કલમનો ઉમેરો કરવા તજવીજ કરવામાં આવી હતી. આમ વ્યાજખોર પાડોશણ મહિલાએ એક વૃધ્ધને મરી જવું પડે ત્યાં સુધી ત્રાસ આપ્યો હતો.

# મનપાનું જનરલ બોર્ડ ૨૫ મીએ, ૩૩ પ્રશ્નો

## કોંગ્રેસના એક પણ નગરસેવકે પ્રશ્ન ન પૂછતા અનેક તર્ક – વિતર્ક : ચિઠ્ઠી આધારિત નહીં પરંતુ વહેલા તે પહેલાના ધોરણે પ્રશ્નોનો ક્રમ થશે નક્કી : એક પ્રશ્નમાં જનરલ બોર્ડ પૂર્ણ કરાશે કે વિગતવાર ચર્ચા થશે તે રહ્યું જોવાનું



રાજકોટ, તા..૧૭

મહાનગરપાલિકા દ્વારા વિકાસ કામો અર્થે જનરલ બોર્ડનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે નવનીત હોદ્દેદારોની કામગીરી અંગેનું પ્રથમ જનરલ બોર્ડ ૨૫ મી જુન ગુરુવારના રોજ યોજવા જઈ રહ્યું છે જે માટેનો એજન્ડા પણ પ્રસિદ્ધ કરી દેવાયો છે. ભાજપના ૧૫ નગર સેવકો દ્વારા ૩૩ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે ત્યારે આ પ્રશ્નોમાં કઈ પ્રકારે ચર્ચા કરવામાં આવશે અને કયા પ્રકારની માહિતી આપવામાં આવશે તે અંગે ચર્ચાએ જોર પકડ્યું છે. કારણ કે પહેલાની ટર્મમાં માત્ર એક પ્રશ્નમાં જ જનરલ બોર્ડ પૂર્ણ કરી દેવામાં આવતું હતું ત્યારે આ વખતે પ્રશ્નની યોગ્ય રીતે ચર્ચા થાય તે પ્રકારનું આયોજન મેયર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે કોંગ્રેસના એક પણ આગેવાનોએ ગઈકાલ સાંજ સુધી પ્રશ્ન પૂછ્યા ન હતા.

રાજકોટ મનપામાં નવી ટર્મનું પ્રથમ જનરલ બોર્ડ તા.૨૫મીએ બોલાવવામા આવ્યુ છે. નવા શાસકો માટે આ પ્રથમ સામાન્ય સભા છે. આ નવી ટર્મમાં વિપક્ષના ફાળે વધુ ત્રણ બેઠક એટલે કે સંખ્યાબંધ સાત થઇ હોવા છતાં લડાયક કહી શકાય તેવા એકપણ નેતા ન હોવાની છાપ પ્રથમ સામાન્ય સભામાં જ દેખાઇ છે. વિપક્ષ જાણે તેમની ફરજ ચુક્યુ હોય તેમ કોંગ્રેસના એકપણ કોર્પોરેટરે પ્રશ્ન રજૂ કરવાની તસ્દી લીધી નથી. જ્યારે ભાજપના ૧૫ નગરસેવકો તરફથી આવાસ, પાણી વિતરણ, ગાર્ડન સહિતની શાખાના ૩૩ પ્રશ્નો મુક્યા છે. પ્રથમ પ્રશ્ન સિનિયર નગરસેવક કેતન પટેલનો આવાસ યોજના, ટાઉન પ્લાનીંગ શાખાને લગતો છે.

આગામી તા.૨૫મીએ મળનાર જનરલ બોર્ડનો એજન્ડા ગઇકાલે બહાર પાડવામા આવ્યા બાદ સામાન્ય સભાની શરૂઆતમાં યોજાતી પ્રશ્નોતરીમાં વહેલા તે પહેલાના ધોરણે જે તે નગરસેવકના સવાલ લેવામા આવે છે. આ વખતે પોણા ભાગના નવા નગરસેવકો છે. પ્રજાની સમસ્યા, જનતાનો અવાજ અધિકારીઓ સુધી પહોંચાડવા માટેની સક્રિયા નવા નગરસેવકોમાં માત્ર શાસકપક્ષ ભાજપમાં જ દેખાઇ છે. વિપક્ષ સવાલ મુકતા ભુલી ગયુ કે પછી ફરજ ચુક્યુ તેવા ચિત્ર વચ્ચે કોંગ્રેસના એકપણ નગરસેવકે પ્રશ્ન રજૂ કર્યા નથી. જે ૩૩ પ્રશ્નો ઇનવર્ડ થયા છે એ તમામ શાસકપક્ષ ભાજપના જ છે. ભાજપના ૧૫ નગરસેવકોએ વિવિધ સવાલો રજૂ કર્યા છે.

મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન શાસક નેતા અને દંડક સહિત મુખ્ય પાંચ હોદેદારોની પસંદગી બાદ હવે બાકી રહી ગયેલી ૧૫ પેટા સમિતિના ચેરમેનની ખુરશી કોણે મળશે તેની અટકળો શરૂ થઇ ચુકી છે. જે લોકોને મુખ્ય પાંચ હોદામાં સ્થાન નથી મળ્યુ તેવા ઇચ્છુક દાવેદારોને કઇ સમિતિમાં કેવુ સ્થાન મળે છે એ જોવાનું રહ્યુ. તમામ ૧૫ સમિતિની રચના જનરલ બોર્ડમાં જાહેર થશે. સામાન્ય સભાનો એજન્ડા બહાર પડતા સૌ પહેલા વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર કેતન પટેલે બે પ્રશ્નોરજુ કર્યા હતા. આવાસ યોજના વિભાગે એક વર્ષમાં કરેલી કામગીરી, ટીપી શાખાના સેટઅપ અને એક વર્ષમાં કરવામાં આવેલી કામગીરીનો તેમણે રીપોર્ટ માંગ્યો છે. આ પ્રથમ પ્રશ્નની ચર્ચા લાંબી થાય તેવું લાગી રહ્યું છે.

### બોર્ડના એજન્ડા પર અન્ય ૧૪ કોર્પોરેટરોએ પ્રશ્નો રજુ કર્યા છે.

જેમાં સંજય ચાવડાના ત્રણ, જ્યોત્સનાબેન ટીલાળાના ૩, ડો. રીન્કલ મેઘાણી, કિર્તીબા રાણા, મોહિતસિંહ જાડેજા, પંકજ લુણાગરીયા, શૈલેષ વસાણીના બે–બે, રાજુ અઘેરા, દર્શન પેંચ્યાતર, જાનકીબેન કાટોળીયા અને રક્ષીત કલોલાના ત્રણ–ત્રણ, મહેશ પીપળીયા, સોનલબેન સેલારા અને ધૈર્ય પારેખના એક–એક પ્રશ્નનો સમાવેશ થાય છે. વર્ષોથી કોર્પો.માં પ્રશ્નોમુકવા એક સાથે પહોંચી જતાં સભ્યો વચ્ચે કોઇ વિવાદ ન થાય તે માટે નામ સાથેની ચિઠ્ઠી ખેંચવાની પરંપરા શરુ કરવામાં આવી હતી. ક્રમ મુજબ નામ નીકળે તેમના પ્રશ્નો અગ્ર ક્રમે આવતા હતા. પરંતુ આજથી આ ચીઠ્ઠી પ્રથા પણ નીકળી ગયાનું લાગ્યું છે. આજે સવારે સૌ પહેલા કેતન પટેલ પ્રશ્ન મુકવા પહોંચ્યા હતા. આથી તેમનો ક્રમ પ્રથમ આવી ગયો છે. આ બાદ વારાફરતી જે–જે કોર્પોરેટરો પ્રશ્ન મુકવા ગયા તેમનો ક્રમ આવતો ગયો હતો. આવતા બોર્ડથી આ રીતે પ્રશ્ન મુકવામાં પણ હરિફાઇ થાય તેવું લાગી રહ્યું છે.

### જનરલ બોર્ડમાં "નો–ટાઇમ" લિમિટ

મેયર નેહલ શુકલ ચાર્જ સંભાળતા જ મહાનગરપાલિકાની કામગીરીમાં ઊલટ ફેર કરી દીધો છે ત્યારે જનરલ બોર્ડ ની સાથોસાથ સ્ટેન્ડિંગ બેઠકમાં પ્રશ્ન પૂછવા માટે નો ટાઇમ લિમિટ પણ જાહેર કરવામાં આવી છે જેથી જે પણ નગરસેવકોએ પ્રશ્ન પૂછવા હોય અથવા તો અભ્યાસ કરવો હોય તો તેઓ મુક્ત મને કરી શકશે. હાલ જનરલ બોર્ડમાં નો ટાઇમ લિમિટ અંગે નિર્ણય લેવાતા જ અધિકારીઓમાં પણ ક્યાંકને ક્યાંક ફફડાટ જોવા મળ્યો છે કારણ કે જો પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવશે તો જે તે સંબંધિત વિભાગના અધિકારીઓએ પણ ગંભીરતાપર્વક માહિતી આપવી પડશે.

### ૧૫ સમિતિઓના વડાઓની નિમણૂક

૨૫ મી તારીખે જનરલ બોર્ડ યોજાતા છેલ્લા ઘણા સમયથી જે વાતની આતુરતા હતી તેનો અંત આવ્યો છે કારણ કે મહાનગરપાલિકાની વિવિધ ૧૫ સમિતિઓની રચના કરવામાં આવશે અને તેના વડાઓ પણ નિમાશે. હાલ અનેકવિધ સમિતિઓ માટે લોબીંગ શરૂ થઈ ચૂક્યું છે ત્યારે પ્રદેશ ભાજપ કોને પસંદ કરે છે તે હવે જોવાનું રહ્યું પરંતુ કહી શકાય કે ટાઉન પ્લાનિંગ, ફાયર, તથા બાંધકામ સમિતિ માટે ભારે લોબિંગ થઈ રહ્યું છે.



# આઉટસોર્સિંગ મારફતે ઉપયોગમાં લેવાતા વાહનો સ્થગિત

## મનપાની સ્ટેન્ડિંગમાં ૧૩ દરખાસ્ત માંથી એક નામંજૂર : ગ્રીન પોલીસીની દરખાસ્ત ફરી વખત અભ્યાસ અર્થે પેન્ડિંગ : બે મિનિટમાં પૂર્ણ થતી સ્ટેન્ડિંગ બેઠક ૪૫ મિનિટ ચાલી

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકાની ગઈકાલે મળી હતી જેમાં ૧૩ દરખાસ્ત મુકવામાં આવી જે પૈકી સ્ટેન્ડિંગ કમિટીએ એક દરખાસ્તને ના મંજૂર કરી છે. બે કરોડના ખર્ચે રેસકોસ રીંગરોડ ડેકોરેશનની યોજના ના મંજૂર કરવામાં આવી છે તો સાથોસાથ ૨૨ વિભાગો માટે રોજીંદી કામગીરીમાં ઉપયોગમાં લેવાતા ભાડાના જે ૫૧ વાહનો છે તેને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવાયા છે. આ અંગે સ્ટેન્ડિંગ ચેરમેને જણાવ્યું હતું કે જરૂર જણાશે તે વિભાગોમાં આઉટસોર્સિંગ મારફતે વાહનો લેવાશે. શાસકોની નવી ટર્મની સતત બીજી મીટીંગમાં વધુ એક વખત અડધો ડઝન જેટલી દરખાસ્તના ઓપરેશન કરવામાં આવ્યા છે. કરકસરના ભાગરૂપે સવા બે કરોડના ખર્ચે રેસકોર્ષ રીંગ રોડ ડેકોરેશનની યોજના નામંજુર કરી દેવામાં આવી છે . એજન્ડા પર રહેલી ૧૩ દરખાસ્ત પર નિર્ણય કરવામાં આવ્યા હતા. સૌ પહેલા ભાજપ સંકલનની મીટીંગ એક કલાક અને તે બાદ સ્ટે. કમિટિની મીટીંગ પોણો કલાક ચાલી હતી. આ બાદ લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા પદાધિકારીએ જણાવ્યું હતું કે મનપામાં કરકસરના પગલા લેવાનું ચાલુ છે.

કોર્પો.ની જુદી-જુદી શાખામાં અધિકારીઓ સહિતના સ્ટાફને અવર-જવરથી માંડી ફિલ્ડ વિઝિટ માટે ૫૧ વાહનો ભાડે રાખવામાં આવ્યા છે. આ વાહનોનો ઉપયોગ તાત્કાલીક અસરથી ઘટાડવા વાહનોને તત્કાળ જમા કરાવવા સુચના આપવામાં આવી છે. એટલે કે આ વાહનોનો ઉપયોગ હવે જે-તે વિભાગો કરી શકશે નહીં. વધુમાં જો આ પૈકીના કોઇ વાહનોની અનિવાર્ય જરૂર હોય તો કમિશનર વિભાગ લેખીતમાં માંગણી કરે તો તેને મંજુરી આપવા અંગે વિચાર કરવામાં આવશે.

મીટીંગમાં ફરી મનપા માટે ૧૮.૮૮ લાખના ખર્ચે વૃક્ષારોપણ માટે અર્બન ગ્રીનીંગ પોલીસી તૈયાર કરવાના કામની દરખાસ્ત મોકુફ રાખવામાં આવી છે. તો રૈયાના એસટીપી, ટીપી અને ટ્રીટેડ વોટર પમ્પીંગ સ્ટેશનના બે વર્ષના સંચાલન માટે ૧.૯૮ કરોડનો કોન્ટ્રાક્ટ આપવાનો પ્રસ્તાવ પણ વધુ અભ્યાસ માટે મુલત્વી રાખવામાં આવ્યો છે. રાજકોટ શહેરમાં અલગ-અલગ વોર્ડના વિસ્તારોમાં હજુ પાઇપલાઇનના વાંકે ટેન્કર અને ટ્રેક્ટરથી પાણી પહોંચાડવામાં આવે છે.

આ માટે ૧૧.૫૦ કરોડના ખર્ચે બે વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત મુકવામાં આવી હતી. પરંતુ આવતા વર્ષે નીચા ભાવ માટે પ્રયાસ કરવાની સુચના આપી. સ્ટે. કમિટિએ માત્ર એક વર્ષનો અડધો ખર્ચ મંજુર કર્યો છે. વોર્ડ નં.૮ અને ૧૦માં ખાનગીકરણથી ભુગર્ભ લાઇન સફાઇ માટે ૩૨ લાખનો કોન્ટ્રાક્ટ મંજુર કરવામાં આવ્યો છે. વોટર વર્કસ, ડ્રેનેજ હસ્તકના ૩ પમ્પીંગ સ્ટેશનના કોન્ટ્રાક્ટ માટે ૧.૧૬ કરોડ, વોર્ડ નં. ૧૨ વાવડી, રસુલપરા સ્કૂલમાં પ્રાર્થના ખંડ બનાવવા ૧૩.૪૧ કરોડ, ક્લોરીન ખરીદી, ડ્રેનેજ સકશન મશીન ખરીદી માટે ૩૧.૯૦ લાખનો ખર્ચ મંજુર કરાયો છે. તો જુના સ્ક્રેપના વેચાણથી તંત્રને ૨૦ લાખની આવક થઇ છે.

આ નિર્ણય અંગે માહિતી આપતા ચેરમેને વધુમાં કહ્યું હતું કે રેસકોર્ષ રીંગ રોડને દિવાળી કાર્નીવલની જેમ દરરોજ ઝળહળતો રાખવા ૨.૩૦ કરોડનો ખર્ચ કરવાની દરખાસ્ત કમિશનરે મોકલી હતી. ગત મીટીંગમાં આ દરખાસ્ત મુલત્વી રાખ્યા બાદ તમામ સભ્યોએ અભ્યાસ કર્યો હતો. બાદમાં હાલ આવો ખર્ચ કરવાની જરૂર ન લાગતા દરખાસ્ત નામંજુર કરી દેવામાં આવી છે. રીંગ રોડ પર લાઇટીંગ એન્ટ્રી, પોલ પર નવી લાઇટ, બેસવાની જગ્યા સહિતના આયોજન કરવામાં આવ્યા હતા. પરંતુ હાલ આ ખર્ચ નામંજુર કરી દેવામાં આવ્યો છે. વધુમાં આજની મીટીંગમાં કુલ બે દરખાસ્ત, એક નામંજુર કરવામાં આવેલ છે. તો બે દરખાસ્તમાં ફેરફાર કરાયા છે જ્યારે વાહનોનો ઉપયોગ ઘટાડવાની અરજન્ટ દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી. માત્ર બે મિનિટમાં પૂરી થતી સ્ટેન્ડિંગ બેઠકમાં હવે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન મારફતે સભ્યોને વિવિધ દરખાસ્ત અંગે માહિતગાર કરવામાં આવી રહ્યા છે જે જૂની પ્રણાલી થી સંપૂર્ણ વિપરીત છે.

## ગોંડલ ખાતે આયોજિત ખેડૂત સંમેલનમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણીની ટકોર સરકારે હર હંમેશ ખેડૂતના હિતમાં જ નિર્ણયો લીધા છે અને લેશે

# સરકાર વીજપોલ અંગે લાવશે નીતિ : જીતુ વાઘાણી



રાજકોટ, તા. ૧૭

કોંગ્રેસ દ્વારા સરકારની ખેડૂત નીતિ અંગે વિરોધ કરવામાં આવી રહ્યો છે જેની સામે ભાજપે પણ શસ્ત્ર ઉગામ્યું છે અને ગોંડલ ખાતે વિશાળ ખેડૂત સંમેલન જેમાં ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ખેડૂતલક્ષી જે યોજનાઓ છે તેનો મહત્તમ લાભ ખેડૂતોને આપવામાં આવ્યો છે જેથી કોંગ્રેસ દ્વારા જે વાતો કહેવામાં આવી રહી છે અને જે પાયા વિહોણા આક્ષેપો થઈ રહ્યા છે તેનાથી ખેડૂતોએ ગભરાવવાની જરૂર નથી. બીજી તરફ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પણ વીજ થાંભલા અંગે સરકાર આવનારા દિવસોમાં નીતિ લાવી રહી હોવાનું પણ જણાવ્યું હતું.

ગોંડલ ખાતે યોજાયેલા ખેડૂત સંમેલનમાં કૃષિમંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતોના હિતમાં એક મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, ભાજપ સરકારે ક્યારેય જગતના તાતનું અહિત વિચાર્યું નથી. ખેતરોમાં વીજ પોલ નાખવા અંગે ચાલી રહેલા વિવાદ મુદ્દે સરકારે ખેડૂતોને મોટી ખાતરી આપતા જણાવ્યું છે કે, ટૂંક સમયમાં જ તેમના હિતમાં એક કલ્યાણકારી નીતિની જાહેરાત કરવામાં આવશે. સંમેલનને સંબોધતા કૃષિમંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતોને આશ્વસ્ત કર્યા હતા કે જ્યાં સુધી વીજ પોલ અંગે નવી સત્તાવાર જાહેરાત ન થાય, ત્યાં સુધી કોઈ પણ ખેડૂતને ખેતીકામમાં મુશ્કેલી ન પડે તેવી કડક સૂચના વહીવટી તંત્રને આપી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, જેમનું મન ચોખ્ખું હોય તેને જ ઈશ્વર સફળતા આપે છે. અમારી સરકાર ખેડૂતોના પડખે ઊભી છે અને ભૂતકાળમાં પણ જે કોઈ પ્રશ્નો આવ્યા છે તેનું યોગ્ય નિવારણ સરકારે જ કર્યું છે.

ખેડૂતોની ચિંતાનો ઉલ્લેખ કરતા મંત્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના ઊર્જામંત્રી પોતે આ બાબતે સતત ચિંતિત છે અને મોનિટરિંગ કરી રહ્યા છે. સરકાર એવી નીતિ ઘડી રહી છે જેનાથી રાજ્યના એક પણ ખેડૂતને આર્થિક કે વ્યવહારિક નુકસાન ન ભોગવવું પડે. આ નીતિ આખરી તબક્કામાં છે અને ટૂંક સમયમાં જ તેની સત્તાવાર જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે. આ સંમેલન બાદ સ્થાનિક ખેડૂતોમાં વર્ષો જૂની વીજ પોલની સમસ્યાનો કાયમી ઉકેલ આવવાની આશા જાગી છે. કૃષિમંત્રીએ મંચ પરથી વારંવાર ભારપૂર્વક જણાવ્યું હતું કે ખેડૂતોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે આ સરકાર ખેડૂતોની, ખેડૂતો દ્વારા અને ખેડૂતોના વિકાસ માટે કામ કરતી સરકાર છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે આજે ખેડૂતોના હિતાર્થે એક વિશાળ અને મહત્વપૂર્ણ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના પ્રદેશ કક્ષાના ટોચના નેતાઓ અને મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનારા આ કાર્યક્રમને પગલે સ્થાનિક રાજકારણ અને સહકારી ક્ષેત્રમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગોંડલ તાલુકા સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં જગતનો તાત આ સંમેલનમાં ભાગ લેવા માટે ઉમટી પડ્યો હતો.

આ ખેડૂત સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સંગઠન મહામંત્રી અનિરુદ્ધ દવે અને પ્રશાંત કોરાટ સહિત રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા પણ હાજર રહ્યા હતા. ગોંડલ, જેતપુર, જસદણ, ધોરાજી અને રાજકોટ ગ્રામ્ય સહિતની વિવિધ વિધાનસભા બેઠકોના ધારાસભ્યો પણ આ તકે ખેડૂતોનું મનોબળ વધારવા ઉપસ્થિત રહ્યા હતા.

આધુનિક યુગમાં રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગ સામે સ્વાસ્થ્યપ્રદ વિકલ્પ આપવા માટે આ સંમેલનમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કૃષિ નિષ્ણાતો અને નેતાઓ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે વિસ્તૃત માહિતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ઓછા ખર્ચે વધુ અને ગુણવત્તાયુક્ત પાક કેવી રીતે મેળવવો તે અંગેના સચોટ ઉપાયો અંગે પણ ચર્ચા થઈ હતી..